જુનામાં જુનુ એટલે... ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
Noodles
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા વદ ૧૧ વર્ષ : ૨૮ અંક ૩૪૬

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods
A family township & resort



• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Vishal Lords Inn
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

# હાથીયાની પુર્વ સંધ્યાએ જિલ્લામાં વરસાદ : શાખપુર પાસે બે મજુર તણાતા બચાવાયા




**હાથીગઢમાં 3, જાફરાબાદમાં પોણા બે, લીલીયામાં એક, અમરેલી, કુંડલા, રાજુલામાં અડધા ઇંચ ઉપર વરસાદ પડ્યો**

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં ગઇ કાલે દિવસ દરમિયાન વાતાવરણમાં પલટો આવતા અમરેલી શહેર અને જિલ્લામાં રાત્રી દરમિયાન મેઘરાજાએ બેટીંગ કર્યા બાદ આજે દિવસ દરમિયાન પણ અમરેલી જિલ્લામાં હળવા ભારે વરસાદ પડ્યો હતો. લીલીયા

(અનુ. પાના નં.૭)

39માં વર્ષમાં મંગલ પ્રવેશ
હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
ડો.જય માકડીયા (યુરોલોજીસ્ટ)
-: નોંધ :-
હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રી કરી આપવામાં આવશે
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે
કીડની
પ્રોસ્ટેટ
પથરી
તારીખ : ૨૭-૦૯-૨૦૨૪, શુક્રવાર
સમય : સાંજે ૫:૦૦ થી ૭:૦૦
નામ નોંધવું ફરજીયાત છે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૮૯૨ ૨૩૦૦૦

## તૃતિય વાર્ષિક પૂણ્યતિથીએ

## સ્મરણાંજલી



**અ. નિ. ચેતનભાઈ દિનેશભાઈ સાવલીયા**

સ્વ. ૨૭-૦૯-૨૦૨૧, ભાદરવા વદ-૬ ને સોમવાર

આપનું આ મનમોહક હસતુ મુખારવિંદ એ અમારી સ્મૃતિ થઈ ગઈ
આપની કરૂણા ભરેલી દિવ્ય દ્રષ્ટિ એ અમારી સ્મૃતિ થઈ ગઈ
આપના દિવંગત આત્માને પરમ કૃપાળુ ભગવાન સ્વામિનારાયણ
શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના સહ હૃદયપૂર્વક સ્મરણાંજલી

:લી.:
દિનેશભાઈ ડાયાભાઈ સાવલીયા (પપ્પા) - મો. ૯૪૨૬૭ ૧૬૪૪૪
ભરતભાઈ ડાયાભાઈ સાવલીયા (કાકા) - મો. ૯૮૨૪૯ ૫૭૨૧૨
દિક્ષેશ ભરતભાઈ સાવલીયા (ભાઈ) - મો. ૯૯૦૪૮ ૨૦૬૭૭
દર્શીલ ભરતભાઈ સાવલીયા (ભાઈ) - મો. ૯૦૬૭૯ ૦૯૦૯૯
નિવા ચેતનભાઈ સાવલીયા (પુત્રી) - હેરી દિક્ષેશભાઈ સાવલીયા (પુત્ર)
સાવલીયા પરિવારના જય સ્વામિનારાયણ-અમરેલી
તથા હોટેલ રાધેશ્યામ સ્ટાફ

national health authority

# 6 years of
PMJAY
# 3 years of
ABDM
દેશ થઈ રહ્યો છે
આયુષ્માન
PMJAY-MA યોજના હેઠળ
કુટુંબદીઠ વાર્ષિક ₹ ૧૦ લાખ સુધીની
કેશલેસ સારવાર!
આયુષ્માન કાર્ડ/AYUSHMAN CARD
₹૧૦ લાખ સુધીની મફત સારવાર
MANISH KUMAR SARANGI
આયુષ્માન ભારત ડિજિટલ મિશન
હેઠળ આભા બનાવો,
ડિજિટલ થઈ જાઓ!
વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર
PMJAY-MA માટે ૧૮૦૦-૨૩૩-૧૦૨૨ અથવા ૧૪૫૫૫ અને ABDM માટે ૧૪૪૭૭ પર કોલ કરશો
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

### પત્નિ સાથે મૈત્રી કરાર કરનારને પતાવી દેવા કાવતરૂ ઘડી હત્યા કરી હતી : ધારીનાં એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન.શેખનો દાખલારૂપ ચુકાદો

# ચલાલાનાં હોમગાર્ડની હત્યામાં બે ને અંતિમ શ્વાસ સુધી કેદ

## ૨૦૨૧માં ચલાલાનાં હોમગાર્ડ કેતન કાંતિભાઇ કાકડીયાની પ્રવિણ ગોબરભાઇ રાઠોડ, ઘનશ્યામ વિરજીભાઇ સોલંકીએ કાર ચડાવી હત્યા કરી નાખી હતી

## ધારી સેશન્સ કોર્ટમાં જિલ્લા સરકારી વકીલ શ્રી વિકાસ વડેરાએ આરોપીઓને ફાંસીની સજા આપવા માંગણી કરેલ : કોર્ટે આજીવન કેદ અને બે લાખ દંડ કર્યો



અમરેલી,

૨૦૨૧ની સાલમાં ચલાલાનાં ધારી રોડ ઉપર પોતાની પત્નિ સાથેમૈત્રીકરાર કરનારહોમગાર્ડજવાનને પતાવીદેવા માટે પોતાનાંસાળાનાંદિકરા સાથે મળી કાવતરૂ ઘડી હોમગાર્ડ જવાનની બાઈક ઉપર કાર ચડાવી તેની હત્યા કરી અને બનાવને અકસ્માતમાં ખપાવવાની કોશીશ કરનાર બંનેને ધારીની ત્રીજી એડીશનલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સજા અને બે લાખનો દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત એવા પ્રકારની છે કે, ગત તા.૯-૪-૨૦૨૧ નાં રોજ સાંજે ૭ થી ૭:૩૦ વાગ્યા વચ્ચે ચલાલાથીધારીરોડઉપર માહીડેરીયુનીટ પાસે હોમગાર્ડ જવાન કેતનભાઈ કાંતિભાઈ કાકડીયાએ પ્રવિણ ગોબરભાઈ રાઠોડ નામના હીરાઘસુની પત્નિ સાથે મૈત્રી કરાર કર્યો હોય જેથી કેતનનેપતાવીદેવા માટેપ્રવિણઅને તેના સાળાનાં દિકરા ઘનશ્યામ વિરજીભાઈ સોલંકી રે.બંને દાનેવ સોસાયટીએ કાવતરૂ ઘડી કેતનનાં મિત્ર અને આખી ઘટનાનાં આઈ વીટનેસ જયદીપભાઈ શાંતિભાઈ જોબનપુત્રાને સેન્ટ્રો કારમાં બેસાડી મરનાર કેતનભાઈ પોતાનું મોટરસાયકલ લઈ મોરઝરથી પરત આવતા હોય ત્યારે તેની માથે માહી ડેરીએથી ગાડી ચડાવી વનવગડો હોટલ સુધી ઢસડી કેતનભાઈનું ખુન કર્યુ હતું. આ બનાવ અંગે કેતનભાઈનાં ભાઈ જગદીશભાઈ કાંતિભાઈ કાકડીયાએ પ્રવિણ અને ઘનશ્યામ સામે પુર્વ આયોજીતકાવતરૂ ઘડીહત્યા કર્યાનોગુનો નોંધાવ્યો હતો.

આ કેસમાં બનાવ ઉપરનાં પુરાવાઓ, એફએસએલનો રિપોર્ટ તથા બનાવને નજરે જોનાર આઈ વીટનેસની જુબાની તથા મૈત્રી કરારની નકલ અને બનાવનાં સ્થળે ટાયર માર્ક તથા સીસીટીવી ફુટેજો સહિતનાં પુરાવાઓ સાથે સરકાર તરફે એડીશનલ જિલ્લા સરકારી વકીલ શ્રી વિકાસ વડેરાએ દલીલોકરીતેમણેફાંસીનીસજાફરમાવવા માટે અપીલ કરી હતી. કારણ કે, મરનાર કેતનભાઈનું નિર્દય રીતે ખુન કરવામાં આવ્યું હતું તે પુરવાર થયું છે. અને આ ગંભીર પ્રકારનો ગુનો છે તથા અંગત અદાવતરાખી આ ગુનો કર્યો હોય તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીઓ દયાને પાત્ર નહોવાનુંજણાવી સમાજમાંદાખલો બેસેતેવી મહત્તમ સજા કરવા માંગણી કરી હતી.

ધારીનાં ત્રીજા એડીશનલ સેશન્સ જજ એમ.એન.શેખએ પ્રવર્તમાન સંજોગોમાં આરોપીઓ જેવા વ્યક્તિઓ પોતાનો હેતુ સીધ્ધ કરવા કાયદાનેહાથમાં લઈ કોઈ પણ ગુનો કરવા અચકાતા નથી. જોઆરોપીઓને કાયદામાં નક્કી કર્યા મુજબની સજા કરવામાં ન આવે તોઆવા ગુનાઓનુંપ્રમાણ સમાજમાંવધતુ રહેશે અને ભારતનાં બંધારણમાં કરવામાં આવેલી કાયદાનાં સાશનની પરિકલ્પનાં સાકાર થઈ શકશે નહીં જેથી આરોપીઓ પ્રવિણ ગોબરભાઈ રાઠોડ ઉ.વ.૪૫ રે.દાનેવ સોસાયટી દાનેવનગર અને ઘનશ્યામ વિરજીભાઈ સોલંકી ઉ.વ.૨૪ ને ખુન અને હત્યાનું કાવતરૂ ઘડવાનાં ગુનામાં દોષીત ઠેરવી બંનેને અંતિમ શ્વાસ સુધીની આજીવન સખત કેદની સજા તથા દરેકને રૂા. ૨ લાખ પુરાનો દંડ અને દંડ ન ભરે તો વધુ બે વર્ષની સાદી જેલની સજા ભોગવવા હુકમ કર્યો હતો. તથા આરોપીઓએ દંડની રકમ જમા કરાવે તેમાંથી રૂા.સાડા ત્રણ લાખ મરનાર કેતનભાઈ પિતાનાં નામે વળતર તરીકે ચુકવવા હુકમ કર્યો હતો.

---

# વડીયા સિંચાઇમાં રૂલ લેવલ નિર્ધારીત થયેલ સપાટી જાળવવા દરવાજો ખોલાશે

## વડીયા અને રાજકોટનાં ચારણીયા, ચારણ સમઢીયાળા, થાણાગાલોળના લોકોને સાવચેત કરાયા

અમરેલી,

અમરેલી જિલ્લાના વડીયા જળાશયના દરવાજાનું ઓપનિંગ ઘટાડો થશે. સિંચાઈ યોજનાના બે દરવાજા ૦.૦૫ મી. ખૂલ્લા હતા તે આજે તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ને ગુરુવારના રોજ સાંજે ૦૪ વાગ્યે જળાશયમાં પાણીની આવકમાં વધારો થતાં જળાશયનું રુલ લેવલ-નિર્ધારિત સપાટી જાળવવા માટે આ જળાશયના દરવાજાનું ઓપનિંગ ઘટાડી એક દરવાજો ૦.૦૫ મી. કરવામાં આવ્યું છે, તેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૧૦૬ ક્યુસેક છે.

આથી, જિલ્લાના વડીયા તાલુકાના વડીયા, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ચારણીયા, ચારણ સમઢીયાળા, થાણા ગાલોળ સહિતના ગ્રામ્ય વિસ્તારને અસર થઈ શકે છે. આ વિસ્તાર તેમજ આ વિસ્તારના નીચેના વિસ્તારોમાં વસતા નાગરિકોને નદીના પટ કે કાંઠા વિસ્તારમાં કે આજુબાજુના વિસ્તારોમાં અવર જવર ન કરવા અને સાવચેત રહેવા અનુરોધ છે.

હાલની સ્થિતિએ, જળાશયનું ૧૩૦.૨૫ મીટર, ઉંડાઈ ૫.૦૫ મીટર જથ્થો ૫.૩૬૫૭ એમ.ક્યુમ, જીવંત જથ્થો ૫.૦૯૪૦ એમ.ક્યુમ છે. જળાશયમાં હાલમાં પાણીની આવક ૧૦૬ ક્યુસેક અને આઉટફ્લો ૧૦૬ ક્યુસેક છે. જળાશયના ડિઝાઈન સ્ટોરેજ ૫.૩૬૫૭ અને ડિઝાઈન સ્ટોરેજ પાણીની ટકાવારી ૧૦૦ છે, તેમ અમરેલી જળસિંચન વિભાગના, અમરેલી ફ્લડસેલ વાયરલેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

---

### મુળ અમરેલી જિલ્લાનાં બગસરાની પરિણીતાને ડ્રાઇવરે ધમકી આપી કરેલ દુષ્કર્મ

# લાઠીથી સુરત જતી મહિલા ઉપર ખાનગી બસમાં દુષ્કર્મ

## ખાનગી બસમાં સુરત કાપોદ્રા વચ્ચે તેણીના દિકરાને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યાની ઘટનાથી ખળભાળટ

અમરેલી,

લાઠીથી સુરત જવા નિકળેલ મુળ બગસરાનાં વતની અને હાલ સુરત રહેતી પરિણીતાને તેણીનો દિકરો મારી નાખવાની ધમકી આપી તારાપુર ચોકડથી કાપોદ્રા વચ્ચે બે બે વખત બળાત્કાર ગુજાર્યાની કાપોદ્રા પોલીસ મથકમાં મહિલાએ ફરિયાદ નોંધાવી છે . આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર લાઠી બસસ્ટેશન સામેથી સુરત જવા મારૂતિ નંદન પ્રાઈવેટ લક્ઝરી બસ ૦૦૨૨ માં તા.૧૭-૯-૨૪ નાં મુસાફરી કરી રહેલ સુરત રહેતી પરિણીતાને મારૂતિ નંદન લક્ઝરી બસનાં વધારાનાં ડ્રાઈવરે તારાપુર ચોકડીથી સુરત કાપોદ્રા વચ્ચે ધાક ધમકી આપી દિકરાને મારી નાખવા ધમકી આપી સવારનાં ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન પરિણીતા સાથે બે વખત શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. મહિલા સુરત કાપોદ્રા પોલીસ મથકમાં બનાવ અંગે ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીઆઈ એમ.આર.સોલંકી ચલાવી રહ્યાં છે અને આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રોગતીમાન કર્યા છે. લાઠી બસસ્ટેશન સામેથી સુરત જવા મારૂતિ નંદન પ્રાઈવેટ લક્ઝરીબસ ૦૦૨૨ માં તા.૧૭-૯-૨૪ નાં મુસાફરી કરી રહેલ સુરત રહેતી પરિણીતાને મારૂતિ નંદન લક્ઝરી બસનાં વધારાનાં ડ્રાઈવરે તારાપુર ચોકડીથી સુરત કાપોદ્રા વચ્ચે ધાક ધમકી આપી દિકરાને મારી નાખવા ધમકી આપી સવારનાં ૨:૦૦ થી ૫:૦૦ દરમિયાન પરિણીતા સાથે બે વખત શરીર સબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. મારી ટિકિટમાં લખાવેલ મોબાઈલ નંબર ઉપરથી અવાર નવાર ફોન કરી મને ફ્રેન્ડશીપ કરવાની વાતો કરતો હતો અને હું ના પાડુ તો પણ ફોન કરતો હતો. તે પછી હું એક દિવસ મારી બહેનને તા.૧૬-૯-૨૪ નાં ફોન મારફતે મારૂતિ નંદન ટ્રાવેલ્સની ટિકિટનું બુકીંગ કરાવી હું તથા મારો દિકરો સાંજનાં ૭ વાગ્યાનાં સુમારે લાઠી બસસ્ટેશન સામેની સાઈડથી એ જ બસમાં બેસેલ અને સુરત આવવા રવાના થયેલ. ત્યાર બાદ અમારી બસ રાત્રીનાં અંદાજે ૨ વાગ્યાનાં આસપાસ તારાપુર ચોકડી આસપાસ પસાર થતી હતી તે વખતે બસનાં પેસેન્જરો પોત પોતાની કેબીન બંધ કરી સુઈ ગયા હતાં. તે વખતે બે બસ ડ્રાઈવરમાંનો એક ડ્રાઈવર બસ ચલાવતો અને બીજો ડ્રાઈવર કે જે મને ફોન કરતો હતો તે અમો એક નંબરનાં સોફા ઉપર બેસેલ અને ત્યા આવેલ અને તું મારી સાથે સબંધ ચાલુ રાખવાનું કરી દે અને તું મને હમણા શરીર સબંધ બાંધવા નહીં દે તો હું બાજુમાં તારો દિકરો સુતો છે તેને મારવાની ધમકી આપતો હતો. અને ત્યાર બાદ અચાનક તે મારી સાથે બળ જબરી કરી હું ના પાડતી હતી તેમ છતા મારૂ મોઢુ દબાવી મારી સાથે બે વખત શરીર સબંધ બાંધેલ અને જ્યાં સુધી સુરત આવેલ નહીં ત્યાં સુધી તે મારી સાથે સોફા ઉપર બેસી રહેલ અને આ વાતની કોઈને જાણ કરતી નહીં તેવું કહીં ધમકી આપતો રહેલ. તે પછી તા.૧૭-૯ નાં સવારનાં ૫ વાગ્યે અમો સુરત આવી જતા હું તથા મારો દિકરો કાપોદ્રા બંબાગેઈટ પાસે બસમાંથી ઉતરેલ તે વખતે મારો પતિ અમોને લેવા માટે આવેલ અને અમારા ઘરે આવી ગયેલ. અને આ બનાવની જાણ મેં મારા પતિને કરેલ અને મે તથા મારા પતિએ અત્યાર સુધી મારી સાથે બળજબરીથી શરીર બાંધનાર ડ્રાઈવરની શોધખોળ કરેલ. પરંતુ તે મળી આવેલ નહીં. જેથી મારા પતિ સાથે પુણા પોલીસ સ્ટેશને ગયેલ અને પુણા પોલીસ સ્ટેશનનાં માણસો કાપોદ્રા પોલીસ સ્ટેશન ખાતે લઈ આવતા બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ નોંધાવી હતી. મહિલા સુરત કાપોદ્રા પોલીસ મથકમાં બનાવ અંગે ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પીઆઈ એમ.આર.સોલંકી ચલાવી રહ્યાં છે અને આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રોગતીમાન કર્યા છે.

---

# જાફરાબાદમાં વાંઢ ગામનાં ખુન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

### રાજુલા સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો

અમરેલી,આજથી સાત વર્ષ પહેલા જાફરાબાદ તાલુકાનાં વાંઢ ગામે જાપોદર ગામનાં લુણવીરભાઈ બદરૂભાઈ વાળાનાં ભાઈ વનરાજભાઈ બદરૂભાઈ વાળાને આરોપી ભુપત વલકુભાઈ વાળા સાથે અગાઉ ઝગડો થયેલ. જે મનદુઃખનાં કારણે ભુપત વલકુભાઈ વાળા, ભીખુ મેરામભાઈ ખુમાણ, બાબુ ગીગાભાઈ કોટીલાએ તલવાર અને પાઈપ વડે જીવલેણ ઘા મારી મોત નિપજાવ્યું હતું. જેની ફરિયાદ જાફરાબાદ પોલીસ મથકમાં થયેલ. ઉપરોક્ત કેસ રાજુલા સેશન્સ કોર્ટમાં ચાલી જતા ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. બચાવ પક્ષે વિદવાન ધારાશાસ્ત્રી યુ.આર.દવે અને વાય.આર.રાઠોડ તેમજ જે.યુ.દવે રોકાયા હતાં.

---

## વડોદરામાં આવેલા વાવાઝોડાનાં કારણે નીલગીરીનું ઝાડ પડતા બાઇક ચાલકનું મોત

---

## રાજકોટનાં રેલનગર વિસ્તારમાં રહેતી એક મહિલાએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી

---


## બેસણું / શ્રધ્ધાંજલી



**સ્વ.ચીમનલાલ નાનજીભાઇ કવા (ઉ.વ.૭૮)**
**તા.૨૬-૦૯-૨૦૨૪, ગુરૂવાર, ગામ : અમરેલી**

તમારૂ જીવન અમારી પ્રેરણા હતી, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા, અમે તમારૂ સાદું જીવન, દયાળુ સ્વભાવ અને લાગણીશીલતાને ક્યારેય ભુલીશું નહી. ભગવાન તમારા પવિત્ર આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

-:: સદગતનું બેસણું ::-

તા.૨૭-૦૯-૨૦૨૪, શુક્રવારના રોજ બપોરે ૦૪:૦૦ થી ૬:૦૦ કલાક સુધી
સ્થળ : લુહાર જ્ઞાતિની વાડી, સવજી પરા રોડ, ચાંદની ચોક, અમરેલી ખાતે રાખેલ છે.

લી.

સંજય ચીમનલાલ કવા - સુજલ સંજયભાઇ કવા
સ્વ.મનસુખભાઇ નાનજીભાઇ કવા
છોટાલાલ નાનજીભાઇ કવા - દિલીપભાઇ નાનજીભાઇ કવા
અશોકભાઇ નાનજીભાઇ કવા
મો.૯૪૨૬૪ ૩૭૫૧૩, ૭૦૧૬૯ ૨૬૦૧૭


---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**
જન્મ/મરણ અરજી નં.૧૩૭/૨૦૨૪
અરજદાર :- શ્રી બાંભણીયા ભીખાભાઈ જસાભાઈ રહે.વઢેરા,તા.જાફરાબાદ
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી વઢેરા ગ્રામ પંચાયત, તા.જાફરાબાદ

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના શ્રી બાંભણીયા ભીખાભાઈ જસાભાઈએ તેમના પુત્ર નામે શ્રી બાંભણીયા અજય ભીખાભાઈનો જન્મ તા.૧૭-૦૭-૨૦૦૬ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી નાજાભાઈ આર.ખસીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૬ માહે સપ્ટેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

---

**-:: જાહેર નોટીસ ::-**

આથી હું, ગિરીશ એમ. દવે, એડવોકેટ રહે. અમરેલી, પંચવટી બિલ્ડીંગ, લાઠી રોડ, અમરેલી તે અમારા અસીલ વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા રહે. હાથીગઢ, તા. લીલીયા, જી. અમરેલીની સુચના તથા માહિતી અનુસાર જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, આથી અમરેલી જીલ્લામાં રહેતા વસતા તથા અમરેલી જીલ્લાની બહાર રહેતા અને વસતા તમામ વ્યક્તિઓને આ જાહેર નોટીસ કમ ચેતવણી આપી જણાવવાનું કે,

અમારા અસીલશ્રી વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા રહે. હાથીગઢ, તા. લીલીયા, જી. અમરેલીની મોજે ગુજરાત રાજ્યના અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના જુના સાવર ગામે રે.સ. નં. ૧૪૫ પૈકી ૨ હે.આરે.ચો.મી. ૨-૭૦-૧૩ છે તેમજ રે.સ. નં. ૧૪૫ પૈકી ૧ હે.આરે.ચો.મી. ૨-૭૦-૧૩ વાળી જમીન તે ભરતભાઈ રવજીભાઈ ભાલાળા પાસેથી ખરીદ કરવાનું નક્કી થયેલ અને અમારા અસીલ વાલજીભાઈએ આ ભરતભાઈને બાના પેટે રૂ. ૩૦,૦૦,૦૦૦/- ચૂકવેલ હતા, ત્યારબાદ અમારા અસીલને માલૂમ પડેલ કે, આ જમીન બાબતે ભરતભાઈ રવજીભાઈએ અમારી સાથે છેત્તરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે, જેથી અમારા અસીલે (૧) ભરતભાઈ રવજીભાઈ ભાલાળા તેમજ (૨) જેરામભાઈ સવજીભાઈ પાનસુરીયા સામે મહે. શ્રી લીલીયાના જ્યુડી. મેજી. સાહેબ સમક્ષ ફોજદારી કેસ નં. ૧૮૬/૨૦૧૩ દાખલ કરેલ હતો અને આ કેસમાં નામ. કોર્ટ દ્વારા આ બંને આરોપીને સજા કરવામાં આવેલ હતી તેમજ અમારા અસીલ દ્વારા મહે. શ્રી સાવકુંડલાના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં આ રૂ. ૩૦,૦૦,૦૦૦/- વસુલ લેવા આ જમીનના મુળ માલીક (૧) ભરતભાઈ રવજીભાઈ ભાલાળા, (૨) રવજીભાઈ મોહનભાઈ ભાલાળા, (૩) મુક્તાબેન રવજીભાઈ ભાલાળા, (૪) મનસુખભાઈ રવજીભાઈ ભાલાળા, (૫) ગીતાબેન રવજીભાઈ ભાલાળા, (૬) જેરામભાઈ સવજીભાઈ પાનસુરીયા, (૭) અશોકભાઈ ધીરજલાલ સાંગાણી સામે સ્પે.દી.મુ. નં. ૦૩/૨૦૨૨ થી દાવો કરેલ છે અને આ દાવામાં નામ. કોર્ટ દ્વારા મનાઈ હુકમ માંગવામાં આવેલ છે, જે હાલ સુનાવણી ઉપર છે, તો આ વાદગ્રસ્ત જમીન ઉપર હાલ સિવીલ સ્યુટ ચાલુ હોય, તેથી આ જમીન બાબતે કોઈ વેંચાણ વ્યવહાર કે, અન્ય વ્યવહાર કરવો નહી. અન્યથા આવા વ્યવહાર નામદાર કોર્ટ ગેરકાયદેસર ઠરાવશે તો તે સંબંધમાં અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહી, તેની લાગતા-વળગતા વ્યક્તિઓએ નોંધ લેવી.

તારીખ : ૨૬-૦૯-૨૦૨૪
સ્થળ : અમરેલી
વાલજીભાઇ ગોબરભાઇ

ગિરીશ એમ.દવે
(એડવોકેટ)

---

**ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજીની નોટીસ ::-**

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતી પાર્ટીઓને જણાવવામાં આવે છે કે અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાના ચાંચ ગામે આવેલ (૧) ચોરા તરીકે ઓળખાતુ જુનુ અને જર્જરીત મકાન (૨) બંગલી તરીકે ઓળખાતુ જુનુ અને જર્જરીત મકાન એમ કુલ બે મકાનનાં ઇમલાની જાહેર હરરાજીથી નિકાલ કરવા માટે તારીખ : ૦૪-૧૦-૨૦૨૪ ને શુક્રવારના રોજ દરેક મિલ્કતની જાહેર હરરાજી ક્રમશ સમય (૧) ૧૧:૦૦ કલાકે (૨) ૧૨:૩૦ કલાકે જે તે મિલ્કતના સ્થળે સદરહુ જાહેર હરરાજી રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતી લાગતી વળગતી પાર્ટીઓએ સમયસર હાજર રહેવુ. હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીઓએ રૂા.૨૫૦૦/- ડિપોઝીટ પેટે અગાઉથી જમા કરાવી હરરાજીમાં ભાગ લઇ શકશે. હરરાજીની અપસેટ કિંમત અને શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરરાજી મંજુર નામંજુર કરવાના તમામ અધિકારો સરપંચશ્રી ચાંચ ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

| | |
|---|---|
| એસ.વી.વાઘેલા તલાટી કમ મંત્રીશ્રી | પિનલબેન રામજીભાઇ ચૌહાણ - સરપંચશ્રી |
| ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા | ચાંચ ગ્રામ પંચાયત તા.રાજુલા |

---


**એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**
અપીલ રજી. નં. ૭૫-૨૦૨૪
અરજદાર : શ્રી જીવીબેન વિઠઠલભાઈ પાથર રહે.ચિતલ, તા.જી.અમરેલી
સામાવાળા : તલાટી કમ મંત્રી શેડુભાર ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામના જીવીબેન વિઠઠલભાઈ પાથર તેઓના નાનાભાઈ જીતેન્દ્રભાઈ હરિભાઈ ગળથીયાનો જન્મ તા.૦૧-૧૦-૧૯૬૩ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૬-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

---

ઉમિયા ફેશન
94281 90118
બ્રાન્ડેડ
ઓફિસિયલ વેર | કોટન ટ્રાઉઝર
ટ્રેક પેન્ટ | ટી-શર્ટ | જીન્સ | નાઇટવેર
JOCKEY
Levi's
LUX cozi
M to 5XL અને 28 to 48 કમર
એકજ ભાવ
કાંચીરો ટ્રેક પેન્ટ મળશે.
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી. (નાના આંકડીયા વાળા)

**સિક્યુરીટી ફિલ્ડ ઓફીસરની જરૂર છે**
સેલેરી ૨૨ હજારથી ૩૦ હજાર
લોકેશન : શાપર-વેરાવળ, મેટોડા, મોરબી, રાજકોટ
સંપર્ક : મો.૯૮૨૫૩ ૨૬૩૦૮, ૯૧૦૪૦ ૪૧૩૩૩



**સિક્યુરીટી ગાર્ડની જરૂર છે**
સેલેરી ૧૨ હજારથી ૧૫ હજાર
Facility foods & Rooms
(P.F., Esic Gow.Facility)
મો.૮૭૩૫૦ ૦૫૬૬૬, ૮૭૩૫૦ ૦૪૯૯૯

**શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ**
ઉધઇ થી બચો
ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

**ઓઇલ મીલ ભાડે આપવાની છે**
અમરેલી લાઠી, રીલાયન્સ પેટ્રોલ પંપની પાસે આવેલ
રાજલક્ષ્મી ઓઇલ મીલ
(ચાલુ કન્ડીશન) ભાડે આપવાની છે
સંપર્ક :- મો. ૯૪૨૬૨ ૧૯૭૪૭



અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧



FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

**મોકાની દુકાન લોંગ લીઝથી ભાડેથી આપવાની છે**
સરદાર કોમ્પલેક્ષમાં F34 & F35
જિલ્લા પંચાયત રોડ, અમરેલી
-: સંપર્ક :-
મો. ૯૪૨૯૨ ૨૩૩૨૨, ૯૭૨૫૭ ૨૫૪૪૨

**પ્લોટ વેચવાનો છે**
મુ.વિજપડી, તા.સાવરકુંડલા
ક્ષેત્રફળ : ૧૦૦૦ મીટર
૩ બાજુ રસ્તા, ટાઇટલ કલીયર
મેઇન બજાર, રામજી મંદિર આગળ
મળો અમાનભાઇ રસભર્યા
સંપર્ક :- મો. ૯૯૨૫૬ ૬૫૧૭૭

### મેઘરાજાએ ગત વર્ષની જેમ આ વર્ષ પણ બગાડતાં માછીમારો આર્થિક પરેશાન : અવાર નવાર વરસાદને કારણે મત્સ્ય ઉદ્યોગને વ્યાપક નુકશાન

# જાફરાબાદમાં વરસાદથી મચ્છીને કરોડોનું નુકશાન

### સતત થઇ રહેલા વરસાદને કારણે માછીમારોએ સુકવવા મુકેલી બોમ્બે ડક (બુમલા) મચ્છી બગડી જતાં માછીમારોને મોં એ આવેલ કોળીયો ઝુંટવાયો

### જાફરાબાદમાં મચ્છીની સુકવણીનો મોટો ધંધો પણ વરસાદ પડે તો બુમલા બગડી જાય માછીમારોને પારાવાર આર્થિક નુકશાની થતી હોવાની રજુઆત



રાજુલા,(કનુભાઈ વરૂ) જાફરાબાદ બંદરે હાલમાં થયેલા તેમજ થય રહેલા વરસાદને કારણે

‘બુમલા‘ (બોમ્બે ડક) મચ્છી બગડી જવાથી કરોડની નુકશાની થયેલી છે, જાફરાબાદ બંદર એવું બંદર છે કે અહીં સુકવણી નો ધંધો છે, દરિયામાં દુર દુર થી બુબલા મચ્છી પકડીને કિનારે લાવીને તેને દ્વારા સુકવણી કરવામાં આવેછે, ત્રણ થી ચાર દિવસ તડકામાં સૂકવી ત્યાર બાદ તેને બંડલો બનાવી ને, દેશમાં તેમજ વિદેશમાં મોકલવામાં આવે છે પરંતુ આ સુકવણી દરમિયાન વરસાદ પડે તો આ મચ્છી બગડી જાય છે.

ત્યારે તેને ફેંકવા માટે પણ મંજુરી આપવામાં આવેછે, એક બાજુ માછીમારો બેહાલ છે અને તેવામાં રીતે વરસાદ થવાથી કરોડની નુકશાની વેઠવી પડેછે, સરકાર શ્રીને અમારી નમ્ર વિનંતી છે કે અમને કોઈ પણ પ્રકારે સહાય આપવામાં આવે, કનૈયાલાલ સોલંકી માંગણી કરી હતી.

વધુમાં સોલંકી એ જણાવ્યું કે અગાઉ પણ કરોડો રૂપિયાનું નુકસાન હવે ગઈ કાલના વરસાદે સાગર ખેડૂતો ને દાદા ઉપર દામ દીધો હોય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે જે સૂકવેલી માછલીઓ છે તે વરસાદથી બગડી રહી છે અને હવે સાગર ખેડૂતને આ પેક કરી અને ટ્રકમાં લોડ કરવાની જ બાકી હતી ત્યાં જ ગઈ કાલે વરસાદ ખાપકતા આ માછલીઓ બગડી ગઈ છે અને ભયંકર દુર્ગંધ મારી રહી છે.

ત્યારે મશીન ઉદ્યોગ મંત્રીએ ખાસ ટીમ મોકલી અને સર્વે કરી અને બગડેલી માછલી શું કરવું અને મશીન મારવા માટે સહાયની રજૂઆત સમગ્ર સાગર ખેડૂતો અને બોટ્સએશનના પ્રમુખશ્રી કનૈયાલાલ સોલંકી શ્રી ભગુભાઈ સોલંકી સનાભાઈ બારીયા રામભાઈ સોલંકી મુસ્લિમ સમાજના અને સાગર ખેડુના આગેવાન હયમ સીધું ભાઈ પાડેલા દ્વારા કરવામાં આવી છે

### મસમોટા બે ભરડીયામાં બ્લાસ્ટીંગને કારણે

# રાજુલાના ભાક્ષી નજીક ડેમ અને ખેડૂતોને નુકસાન થતુ હોવાની રજુઆત

### બ્લાસ્ટીંગ બંધ કરવા માંગ : ભરડીયા નજીક ૪ સિંહોનો કાયમી વસવાટ : વન્યપ્રાણી ઉપર જોખમ

અમરેલી,

રાજુલા પંથકની સૌવથી મોટી ક્વોરી લિઝ ભાક્ષી ગામ નજીક આવેલ વિસ્તારમાં ધમધમી રહી છે ધાતરવડી ડેમની ૨ ભરડીયાઓ ધમધમી રહ્યા છે તેના કારણે ધાતરવડી ડેમ ઉપર જોખમ ઉભું થયું છે તેમ છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી જેના કારણે ભારે રોષ ફેલાયો છે અહીં અગાવ સીંચાઈ વિભાગના અધિકારી દ્વારા ૨૦૧૮માં લેખિત જાણ કરવામાં આવી હતી ભરડીયાના કારણે ડેમ ઉપર વાઈબ્રેન્ટ મારી રહ્યું છે જેથી કરવા ખાણ ખનીજ વિભાગને પત્ર લખવામાં આવ્યો હોવા છતાં કોઈ કાર્યવાહી નહિ કરતા ફરી ગ્રામજનો મેદાનમાં આવ્યા છે રાજુલા તાલુકાના ભાક્ષી ગામ નજીક આવેલ મોટા આગરીયા ગ્રામ પંચાયત દ્વારા કલેકટર અને ભૂસ્તરશાસ્ત્રીને લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે પત્રમા રજૂઆતો કરી છે. ધન સહિતનાં બે ભરડીયાઓ આવેલા ભાક્ષી ગામ ધાતરવડી ડેમ ૧ આવેલ છે જે આજુ બાજુમાં ખેડૂતોના તેમજ રાજુલા તથા જાફરાબાદના લોકો માટે જવાદોરી સમાન છે આ બંને ભરડીયા જે ડેમથી ૩૦૦ મિટરની ત્રીજીયામાં આવેલ છે જે તે સમય આ ડેમ નજીક બ્લેક ટ્રેપ ક્વોરી લિઝ મંજુર કરતી વખતે પૂરતી ખરાઈ કર્યા વગર મંજૂરી આપી ખરેખર ૫૦૦ મીટરની ત્રિજ્યામાં જો કોઈ ડેમ સ્મારક રેલવે હાઈવે રોડ જંગલ મંદિર આવેલ હોય તો મંજૂરી આપી શકાતી નથી તેમ છતાં આ બંને ભરડીયા ઘણા વર્ષોથી ચાલતા હોય ડેમની આસપાસ ૨૦૦ ફૂટની મોટી મોટી ખાણો પડી ગયેલ છે તેમજ બ્લાસ્ટિંગના કારણે ડેમના પાળાનો નુકસાન થાય છે આસપાસના ખેડૂતોને તેમજ કુવાને નુકસાન થાય છે મોટી મોટી ખાણો ઉડી થઈ થય જવાથી પાણીના તળ પણ ઉડા ઉતરી ગયા છે મોટા આગરીયા ગ્રામ પંચાયતનો પાણી પુરવઠાનો કૂવો ડેમમાં આવેલ છે જેમાંથી મોટા આગરીયા ગામ લોકોને પીવાનું પાણી પૂરું પાડે છે બ્લાસ્ટિંગના કારણે કૂવો પણ બુરાવવા આવ્યો છે કાર્યપાલક ઈજનેર ચીંચાઈ ડેમને બ્લાસ્ટિંગના કારણે નુકસાન થતું હોવાથી આજુ આજુ બાજુના ભરડીયાઓ બંધ કરવા અભિપ્રાય આપ્યો હોવા છતાં એનકેન પ્રકારે હાલ ભટડીયા ચાલુ છે જે ખેડૂતોના હિતમાં તેમજ રાજુલા જાફરાબાદના લોકોના હિતમાં તાકીદે બંધ કરાવવા વિનંતી કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવે તો આજુ બાજુના ખેડૂતો ગ્રામ પંચાયતોને નામદાર હાઈ કોર્ટમાં દાવો દાખલ ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચારી દેવાય છે.

**ભરડીયાની ચારે તરફ સિંહોનો વસવાટ**

ધન ભરડીયો આવેલ છે અને ૪ જેટલા સિંહોનું ગ્રુપ અહીં રહે છે સતત અવર જવર કરે છે ભૂતકાળમાં વનવિભાગ દ્વારા અહીંથી જ સિંહોના રેસ્ક્યુ અનેક કરી ચુક્યા છે અને કાગળ ઉપર આ વિસ્તારમાં સિંહોઓ વસવાટ છે તેની કાગળ ઉપર લોકેશનની નોંધ પણ થાય છે વનવિભાગ મોનીટરીંગ પણ કરતું હોય છે સિંહોના લોકેશન પણ આ વિસ્તારમાં હોય છે સિંહો ઉપર પણ જોખમ ટોળાય રહ્યું છે વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ તપાસ કરશે કે કેમ તે પણ સવાલ ઉઠી રહ્યો છે જ્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ગાંધીનગરના કેટલાક ઉચ્ચ અધિકારીઓની મીઠી નજર હોવાને કારણે ભરડીયાઓ ધમધમતા હોવાનો સરકારી અધિકારીઓમાં ગણગણાટ ચાલી રહ્યો છે ઉચ્ચ અધિકારીઓ સતત અમરેલીમાં આ ભરડીયાઓ ધમધમે તે માટે પડદા પાછળથી પ્રયાસ કરવામાં આવતો હોવાની માહિતીઓ મળી રહી છે

**બ્લાસ્ટિંગ કરી મહાકાય પથરો બહાર કાઢવામાં આવે છે**

ભરડીયામાંથી બ્લાસ્ટિંગ કરી મહાકાય પથરો બહાર કાઢી ભાકોદર નજીક આવેલ સ્વાન એનજીર્માં લાખો ટન પથરો નાખવામાં આવ્યા છે ઉપરાંત હાલમાં પણ પથરોની હેરાફેરી ભાકોદર સહિત કોડીનાર સુધી આવેલ ઉધોગોમાં આ ખાણ વિસ્તાર માંથી પથરો જય રહ્યા છે ઓવરલોડિંગ હોવા છતાં કોઈ રસ્તા વચ્ચે વાહનો રોકવાની નથી કરતા ઉપરાંત બંને ભરડીયાની ખાણોમાં ભયાનક ઊંડી ખીણ જેવી કરવામા આવી છે નિયમ કરતા વધુ ખોદકામ કરવામાં આવ્યું છે અહીં નજરે જોનારા કેટલાક લોકોતો કહે છે ભૂલભુલિયા જેવી હાલત છે ગાંધીનગરથી ભૂસ્તરશાસ્ત્રી અને છજી કક્ષાના અધિકારીઓ સ્થળ વિજીટ કરે તો સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે

**સીંચાઈના અધિકારીઓએ નુકસાન અંગે ગોળ ગોળ જવાબ આપ્યા**

સીંચાઈ અધિકારી નાયબ ઈજનેર મયુર કળસરીયાએ જણાવ્યું અમે ટેસ્ટ કરાવવામાના જ છીએ હાલ જોવામાં કાય વિઝ્યુલી દેખાતું નથી પણ અમે ટેસ્ટ કરાવીશું છતાં અંદરથી કાય નુકસાન હોય તો તેના માટે અમે ટેસ્ટ કરવાના છીએ ટેસ્ટ કરાવવા માટેની પ્રોસેસ શરૂ છે અમારા ડિપારમેન્ટ તરફથી ટેસ્ટ કરાવીશું અંદરના રિપોટ આવે પછી ખબર પડે અને આ અધિકારીને અગાવના પત્ર વિશે કય જાણતા નથી તેમ કહ્યું એ મને ખ્યાલ નથી.

અમરેલી ઈન્ચાર્જ ખાણ ખનીજ અધિકારી જે.આર.સવનેરએ કહ્યું મારા પહેલા અધિકારી દ્વારા સલામતીના ભાગરૂપે એટીઆર લોક કરી બંધ કર્યું હતું ત્યારબાદ નામદાર કોર્ટમાં આ લોકો ગયા હતા શરૂ કરવા નું કહ્યું હતું અમે બ્લાસ્ટિંગ એક્સપોટ પાસે સર્વે કરવા માટે ક્વોરી ધારકોને કહ્યું છે અને ગ્રામ પંચાયતની રજુઆત આવશે તો અમે ફરી તપાસ કરાવીશું.

**સીંચાઈ વિભાગ દ્વારા ૨૦૧૮માં શુ પત્ર લખ્યો હતો**

અમરેલી સીંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર અમરેલી ભૂસ્તર શાસ્ત્રીને સંબોધી તારીખ ૧૬,૧૦,૨૦૧૮ના રોજ લેખિત લેટર મારફતે છે રાજુલા ધાતરવડી ડેમ ૧ની હેઠવાસમાં આવેલ પથરની ક્વોરી કપચીના ભરડીયાઓ બ્લાસ્ટિંગ દરમ્યાન ડેમ સુધી આવતા વાઈબ્રેશન થાય છે ક્વોરી લિઝ ભરડીયા ડેમ લાઈનથી તદ્દન નજીક આવે છે ખનન માટે કરવામાં આવતા બ્લાસ્ટિંગના કારણે લાંબા સમયે ડેમની સલામતી જોખમાય જય તેમ છે ડેમની મેન્યુઅલ મુજબ ડેમની નજીકથી નીચવાવમાં ઉપરવાસમાં આ પ્રવુતિ કરવાની મંજૂરી આપી શકાતી નથી જેને ધ્યાને લઈને ડેમની સલામતી જળવાઈ રહે તે બાબતે લિઝ ક્વોરી રદ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે લેખિત લેટર લખવામાં આવ્યો હતો તેમ છતાં ચીંચાઈના અધિકારીઓ હાલમાં ઉંચા હાથ કરી કાય ખબર નથી આવું કહી રહ્યા છે શું સીંચાઈ અધિકારીઓની મીઠી નજરથી ભરડીયાઓ ધમધમતા નથીને તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે

મોટા આગરીયા ગામના ખેડૂત અગ્રણી પ્રકાશભાઈ ખુમાણ એ કહ્યું રાજુલા જાફરાબાદ વિસ્તારમાં જાહેરહિતનો પ્રશ્ન છે તંત્ર ધ્યાન નહિ આપે તો અમે હાઈ કોર્ટમાં જવાની પણ તૈયારીઓ કરી રહ્યા છે ડેમને નુકસાન જાય છે તેમ છતાં કેમ ખાન ખનીજ વિભાગ બંધ નથી રાજય સરકાર ગંભીરતાથી અહીં તપાસ કરાવી ભરડીયાઓ બંધ કરે તેવી લોકોની મંગની છે ઉપરાંત કેટલાક મોટા માણસો હોવાને કારણે ખેડૂતો અવાજ ઉઠાવતા ડરી રહ્યા છે જેથી કોઈ ખૂલીને અવાજ ઉઠાવતું નથી ખેડૂતોના હિતમાં હોવાથી કલેકટર સમક્ષ લેખિત રજૂઆતો કરી છે

# ચાડીયા ગામને ગોકુળીયુ બનાવવા અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટની જહેમત

### ત્રણ ચેકડેમ બનાવવાનું આયોજન કરાયું : અમદાવાદ, સુરત રહેતા આગેવાનો સાથે મિટીંગ

અમરેલી,

ગોકુળીયુ ગામ બનાવવાનાં હેતુથી તા.૫-૧૧ નાં ચાડીયા ગામે ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહે તેવું આયોજન થઈ રહ્યું છે. ગામનાં અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટનાં નેજા તળે ગામનાં વિકાસ અંગે આગળ પગલા ભરાઈ રહ્યાં છે. ટ્રસ્ટનાં પ્રમુખ હસમુખભાઈ ગઢીયાનાં નેતૃત્વમાં ગ્રામ સફાઈ તેમજ કિંમતી જમીનમાં ગાંડા બાવળ નાબુદી પ્રવૃતિ થઈ રહી છે. શક્ય હશે તો ગામમાં આવેલ ત્રણ ચેકડેપ પણ બનાવવાનું આયોજન છે. તા.૫-૧૧-૨૪ નાં ચાડીયાગામ બહાર વસતા ગ્રામજનો કુટુંબ તેમજ સગા સબંધીઓ સાથે ગામનાં આ અવસરનો રૂડો લગાડવાનાં છે. તે અનુસંધાને બહાર ગામ વસતા વતન પ્રેમીઓ અમદાવાદ અને સુરત મુકામે સ્થાનિક આગેવાનો, રહેવાસીઓની મિટીંગો યોજવામાં આવેલ અને તે અનુસંધાને અમરેલી મુકામે ધીરૂભાઈ ગઢીયાનાં નિવાસ સ્થાને અમરેલી સ્થિત ગ્રામજનોને એક મિટીંગ તા.૨૫-૯-૨૪ નાં રાત્રીનાં રાખેલ તેમાં ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણીએ ગામનાં વિકાસ તેમજ માતૃવંદનાં કાર્યક્રમ વિષે માહિતી આપી હતી. ટ્રસ્ટનાં પ્રમુખ હસમુખભાઈ ગઢીયા, આગેવાન ઘનશ્યામભાઈ વાળા, મંડળીનાં પ્રમુખ લાલજીભાઈ રામાણી, યુવા કાર્યકરો ગુણવંત ભંડેરી, બિપીન ભંડેરી, ગીરીશ ગઢીયા, હરેશભાઈ દવે, જગદીશભાઈ સાવલીયા, ચિંતન ભંડેરી, અરવિંદભાઈ મકવાણા, ચાડીયા ગામનાં નિવાસી અમરેલી નિવાસી સભ્યો તમામ લોકોએ એકસુરથી આ સોનેરી અવસરને સફળ અને રૂડો બનાવવા તમામ સહયોગ આપવા વચન આપ્યાનું બિપીનભાઈ ભંડેરીની યાદીમાં જણાવાયું છે.

### સુરતથી રાજકોટ જતી એલસીબીની ટીમનો રસ્તામાં અકસ્માત થતા ૧ પોલીસકર્મીનું મોત

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય

● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૭,૫૦૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૬-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી, કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.




શાશ્વત Haemato-Onco Associates Quality Care with Compassion
SHREE RMS HOSPITAL
રાજકોટના જાણીતા અને અનુભવી કેન્સર અને લોહીના રોગોના સુપરસ્પેશ્યાલીસ્ટ હવે આપના અમરેલી શહેરમાં

ડો. એમ. બી. મીનુચંદ્રા
એમ.ડી.ડી.એમ.
મેડીકલ ઓન્કોલોજી
કેન્સરની કીમોથેરાપી (ડોઝ) ની અને લોહીનાં કેન્સરની સારવાર
તા.૨૭-૦૯-૨૦૨૪ ને શુક્રવારે સમય : બપોરનાં ૨:૦૦ થી ૪:૦૦ મળશે
નાઇટ માટે નર્સિંગ સ્ટાફ જોઇએ છે રૂબરૂ મળો
ડો.રામાનુજ
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ - સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૫૮૦ / ૨૩૩૫૮૦
મો.૬૩૫૩૧ ૧૩૭૭૨, ૯૪૨૯૬ ૮૯૩૮૯




૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ
Haier Inspired Living VOLTAS BLUE STAR Rockwell HI-FROST

■ સરળ હપ્તાની સુવિધા
■ એક્સચેન્જ ઓફર
■ કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ
કંપની માન્ય ઓર્થો. ડીલર :
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭







ડોક્ટર હાઉસ અમરેલી ખાતે ચોથા સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડૉ. હિરલ હાલાણી શેઠ (ન્યુરો ફીજીશ્યન)
૭૭૨૦૦ ૦૨૧૫૭, તા.૨૭-૯-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડૉ. કલ્પેશ બજાણીયા (ઓર્થો એન્ડ સ્પાઇન સર્જન)
૮૪૦૧૨ ૧૨૭૨૮, તા.૨૮-૯-૨૪ શનિવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
-:: કાયમી કન્સલ્ટન્ટ ::-
ડો.ડી.એમ.ઉનડકટ (એમ.ડી.)
ડો.રૂચિતા જેઠવા (એમ.ડી) ડો.આર.ડી.ઘોડાસરા (એમ.એસ.)
ડો.દ્રષ્ટિ પંડ્યા (બીપીટી - ફીજીયોથેરાપીસ્ટ)
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે - ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક, ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવાર

# કંગનાને નીતિવિષયક બાબતોમાં બોલવાનો અધિકાર કે સત્તા નથી

કંગના રણૌત ભાજપમાં નવાં બડફા ક્વીન તરીકે ઊભરી રહ્યાં છે અને સ્મૃતિ ઈરાની કે પ્રજ્ઞા ઠાકુર જેવી બકવાસ કરી કરીને ભાજપની બુંદ બેસાડી દેનારી સન્નારીઓની ખોટ પૂરી રહ્યાં છે. હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી જીત્યા પછી કંગનાએ ઉપરાછાપરી વિવાદો સર્જીને ભાજપની હાલત કફોડી કરી નાખી છે. કંગનાના લવારાના કારણે થઈ રહેલા રાજકીય નુકસાનના કારણે ભાજપે કંગનાને ખમૈયા કરવા કહેવું પડેલું.

કંગનાએ ખેડૂત આંદોલન દરમિયાન મહિલાઓ પર બળાત્કારો થયેલા અને હત્યાઓ થયેલી એવો લવારો કરતાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલા ભાજપે સત્તાવાર રીતે જાહેરાત કરવી પડેલી કે, કંગના કહે એ ભાજપનું સત્તાવાર વલણ નથી ને કંગનાને નીતિવિષયક બાબતો અંગે બોલવાનો અધિકાર કે સત્તા નથી તેથી કંગના પોતાની લૂલીને કાબૂમાં રાખે.

કંગનાએ ભાજપની આ સલાહને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી છે અને ફરી ખેડૂત આંદોલનનો મુદ્દો છેડી દીધો છે. હમણાં ભાજપનું સભ્ય નોંધણી અભિયાન ચાલે છે. કંગના પણ પોતાના મતવિસ્તારમાં મંડીમાં આ અભિયાન ચલાવી રહ્યાં છે. આ દરમિયાન કંગનાએ સોમવારે મંડીની નાચન એસેમ્બલીમાં કાર્યકરો સાથે બેઠકમાં એલાન કર્યું કે, ખેડૂતોને લગતા ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા છે એ ફરીથી લાગુ કરવા જોઈએ એવું મને લાગે છે. કંગનાના કહેવા પ્રમાણે, આ કાયદા અંગે વિવાદ સર્જાયો હતો પણ વિવાદાસ્પદ હોઈ તેને લાગે છે કે ખેડૂતો માટે આ કાયદા ફાયદાકારક હોવાથી આ કાયદા પાછા આવવા જોઈએ.

કંગનાએ ખેડૂતોને વણમાગી સલાહ પણ આપી કે, ખેડૂતોએ પોતે આ કાયદા પાછા લાવવાની માગ કરવી જોઈએ કે જેથી બીજા દેશોની જેમ આપણા ખેડૂતો પણ સમૃદ્ધ થાય, ખેડૂતોની સમૃદ્ધિમાં બ્રેક ન આવે.

કંગનાએ હજુ બે દિવસ પહેલાં જ સોનિયા ગાંધી વિશે લવારો કરેલો કે, હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુખ્ખુની સરકાર દેવું કરી કરીને કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીને આપી દે છે. તેના કારણે રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ છે. કંગનાની બાલિશ ને સાવ બુદ્ધિ વિનાની વાત સાંભળીને શું કરવું એ ભાજપ હજુ વિચારે એ પહેલાં તો કંગનાએ કૃષિ કાયદા પાછા લાવવાની વાત કરીને ભાજપને પાછો બંબૂ લગાવી દીધો છે.અત્યારે હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં ચાલુ છે અને ભાજપ માટે સત્તા જાળવવા ખેડૂતોનો સાથ અત્યંત જરૂરી છે ત્યારે જ કંગનાએ નવો પલિતો ચાંપી દીધો છે. મોદી સરકારે બીજી ઈનિંગમાં ત્રણ કૃષિ કાયદાને સંસદમાં પાસ કરાવ્યા હતા. ખેડૂત ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) અધિનિયમ ૨૦૨૦, ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) એગ્રીમેન્ટ ઓન પ્રાઇસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એક્ટ ૨૦૨૦ અને આવશ્યક ચીજવસ્તુઓ (સુધારો) અધિનિયમ ૨૦૨૦ નામના આ કાયદાઓનો ખેડૂત સંગઠનો દ્વારા ખૂબ વિરોધ થયો હતો.

દિલ્હીની સરહદે ખેડૂતો સવા વર્ષથી વધુ સમય સુધી ધરણાં પર બેઠા હતા અને ઉગ્ર આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલનના કારણે ૨૦૨૨ના માર્ચમાં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પર અસર થશે એવું લાગતાં અંતે નવેમ્બર ૨૦૨૧માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણેય કાયદાને રદ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ કાયદાના ફાયદા અંગે પોતે ખેડૂતોને સમજાવી શક્યા નહીં તેથી ખેડૂતોના હિતમાં પોતે આ કાયદા પાછા ખેંચે છે.

મોદીએ પીછેહઠ કરીને ખેડૂતોનો વિરોધ શાંત કરેલો અને આ પ્રકરણને કાયમ માટે બંધ કરી દીધેલું. હવે કંગનાના લવારાના કારણે કોંગ્રેસને તક મળી ગઈ છે. કોંગ્રેસે જરાય વાર કર્યા વિના ટ્વિટ કરી દીધી છે કે, ખેડૂતો પર લાદવામાં આવેલા ત્રણ કાળા કાયદા પાછા લાવવા જોઈએ એવી માગ ભાજપનાં સાંસદ કંગના રનૌતે કરી છે. ખેડૂત આંદોલનમાં દેશના ૭૫૦થી વધુ ખેડૂતો શહીદ થયા પછી મોદી સરકાર જાગી હતી અને આ કાળા કાયદા પાછા ખેંચવા પડ્યા હતા. હવે ભાજપના સાંસદો ફરીથી આ કાયદાઓને પાછા ખેંચવાની યોજના બનાવી રહ્યા છે પણ કોંગ્રેસ ખેડૂતોની સાથે છે.

કંગનાની પિન ખેડૂતોના આંદોલન પર કેમ ચોંટી ગઈ છે એ કહેવું મુશ્કેલ છે પણ કંગના ખેડૂત આંદોલન મુદ્દે વારંવાર લવારા કર્યા કરે એ ભાજપના હિતમાં નથી જ. આ લવારા દ્વારા કંગના ભાજપની સાંસદ થઈને કોંગ્રેસ સહિતના વિપક્ષોને ફાયદો કરાવી રહી છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રકારના બકવાસ ભાજપને ભારે પડી શકે છે.

હરિયાણામાં ભાજપ જીતવાનો નથી એવી હવા જામેલી છે. આ કારણે ભાજપમાંથી મોટા પાયે રાજીનામાં પડી રહ્યાં છે. હરિયાણામાં ભાજપ વિરુદ્ધ હવા જામી તેનું એક કારણ એ છે કે ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં તમામ ૧૦ બેઠકો જીતી હતી પણ ૨૦૨૪માં ચિત્ર બદલાઈ ગયું. ૨૦૨૪માં હરિયાણાની ૧૦ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપ જીત્યો જ્યારે ૫ બેઠકો કોંગ્રેસે જીતી છે. આ કારણે કોંગ્રેસ જોરદાર ફોર્મમાં છે અને ભાજપ ડાઉન છે.

હરિયાણામાં ખેડૂત આંદોલન સહિતના મુદ્દાની વ્યાપક અસર થઈ છે એ કારણે પણ ભાજપ નહીં જીતે એવી હવા જામેલી છે તેથી સત્તા માટે ભાજપમાં આવેલા નેતા સત્તા છોડીને ભાગી રહ્યા છે. હરિયાણા વિધાનસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી. એ વખતે સત્તા ટકાવવા માટે ભાજપે જેજેપીનો ટેકો લીધેલો ને પછી જેજેપીના ઘણા ધારાસભ્યોને તોડી લીધા તેની પણ અસર છે પણ મુખ્ય અસર ખેડૂત આંદોલનની છે. ભાજપે ખેડૂતોને મનાવવા માટે ઘણી બધી જાહેરાતો કરી છે ને ચૂંટણી ઢંઢેરામાં વચનોની લહાણી પણ કરી છે. કંગનાના લવારાના કારણે ખેડૂતોને એવું લાગશે કે, ભાજપ સત્તામાં આવવા માટે અમને પંપાળી રહ્યો છે પણ સત્તા મળતાંજ પાછા ત્રણ કૃષિ કાયદા લાવીને અમારી મેથી મારશે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હતી ત્યારે ભાજપ એ કાયદાનો અમલ નહોતો કરાવી શક્યો તો અત્યારે તો એ શક્ય જ નથી પણ લોકો વાસ્તવિકતા જોતા નથી, વાતોમાં વહી જાય છે તેથી ભાજપને નુકસાન થઈ શકે છે. ભાજપે આ નુકસાન રોકવા કંગનાને ઝાપટી નાખવી જોઈએ. કંગના પોતાને દુનિયાની સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ માને છે તેથી દરેક મુદ્દે ફેંકાફેંક કરે છે. તેને તો ભાન નથી પણ ભાજપને ભાન થવું જોઈએ કે, આ બેનને નહીં રોકીએ તો તપેલું ચડી જશે.

# વિજપડીમાં ટ્રેક્ટર અને કારમાં ડિઝલને બદલે પેટ્રોલ નાખી દેતાં થયેલું નુકશાન

## પેટ્રોલ પંપ દ્વારા એક જ માલિકની ગાડીઓમાં ડિઝલની જગ્યાએ પેટ્રોલ નાખી દીધુ

વિજપડી, (સંજય વાઘેલા) અમરેલીના વીજપડી ગામમાં ભારત પેટ્રોલિયમ ડીઝલ ફોર વ્હીલ ગાડી અને ટ્રેક્ટરમાં પેટ્રોલ નાખી દેતા ફોર વ્હીલ ગાડી અને ટ્રેક્ટરની ફિટનેસને નુકશાન એકજ માલિક ની ગાડી ટેક્ટર માં ડીઝલ ની જગ્યા ઈ પેટ્રોલ નાખીદેતા વાહનમાલીક ગ્રાહક સુરક્ષા માં કાયદેસર કાયવાહિ કરતા માલિક ની દાદાગીરી આવી સામે ૮ દિવસ થી ગ્રાહક પંપ ની માલીકી ની જગ્યામાં મુકિન વાહન કમ્પ્લેટ કરવા જણાવતા વીજપડી ભારત પેટ્રોલિયમ ના માલિક ની ગ્રાહક સાથે દાદાગીરી ભૂલ તમારી છે તમારે ધ્યાન રાખવું જોવે અપંગતા નો ગૈર ફાયદો ઉપાડવા ની ધમકી આપતો માલિક ગ્રાહકે કાયદેસર કરવા પેટ્રોલપંપ ના ને કહેતા પંપનો માલિક ઉશ્કેરાઈ પોલીસ ફરિયાદ ની ગ્રાહક ને ધમકી આપવા લાગ્યો ગ્રાહકે ઓનલાઈન ભારત પેટ્રોલિયમમાં ફરીયાદ કરતા પંપના માલિકે એસપી ઓફિસ આત્મવિલિપનની ગ્રાહકને ધમકી આપતા

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૭.૯.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ દશમ , પુષ્ય નક્ષત્ર , શિવ યોગ, બવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

## વક્રી ગુરુ સંબંધોમાં ણાનુબંધન દર્શાવે છે

અગાઉ અત્રે લખ્યા મુજબ હસ્ત નક્ષત્રની સાથે સાથે વાતાવરણ બદલાયું છે અને અનેક જગ્યાએ વરસાદ જોવા મળ્યો છે! વળી રાજનીતિના નવા અધ્યાય શરુ થઈ રહ્યા છે તો બીજી તરફ ધર્મ, મંદિર , અભ્યાસ ,જ્ઞાનના કારક ગુરુ મહારાજ ૯ ઓક્ટોબરે વક્રી થવા જઈ રહ્યા છે જે ધાર્મિક બાબતોના કારણે તણાવથી લઈને શિક્ષણ પ્રણાલીની બાબતોમાં ફેરફાર દર્શાવે છે. લગ્ન જેવી શુભ બાબતોમાં પણ ગુરુ જોવા માં આવે છે ગુરુ મહારાજના વક્રી થવાથી લગ્ન વિગેરે બાબતમાં ક્યાંક ને ક્યાંક રુકાવટ આવતી જોવા મળે વળી મંદિર અને ધાર્મિક સ્થળો બાબતે કેટલાક વિવાદ સામે આવે.



મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે જયારે વ્યક્તિ પોતે કરેલી માનતા ભૂલી જતો હોય છે ત્યારે તે દોષના કારણે તેને આગામી સમયમાં વક્રી ગુરુ પ્રાપ્ત થાય છે વળી જે મિત્રોની કુંડળીમાં વક્રી ગુરુ હોય તેમને કોઈ ને કોઈ માનતા લેવાની ટેવ હોય છે પણ તેઓ તે પુરી કરવામાં નિયમિત નથી હોતા જેથી ગુરુનો દોષ લાગે છે આ ઉપરાંત વક્રી ગુરુવાળા મિત્રોએ ગુરુ અપરાધ ના થાય તેની કાળજી લેવી જોઈએ. વક્રી ગ્રહો વધુ તીવ્રતાથી તેનું પરિણામ આપતા હોય છે અને વક્રી ગ્રહોને કાર્મિક કનેક્શન હોય છે વક્રી ગ્રહ દ્વારા તમારા જીવનમાં આવેલી વ્યક્તિનું તમારી જોડે કાર્મિક લેણું હોય છે તે યાદ રાખવું જોઈએ. વક્રી ગુરુ સંબંધોમાં ણાનુબંધન દર્શાવે છે.

- મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.
- વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
- મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
- કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
- સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
- કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.
- તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે ,નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
- વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
- ધન (ધ,ભ,ફ,ઢ ): જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
- મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
- કુંભ (ગ ,સ,શ) :ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
- મીન (દ,ચ,ઝ,થ): વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

### જિલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ

# અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં કમોતના ૨ બનાવો

## સાવરકુંડલામાં વૃધ્ધનું ગળાફાંસો ખાઇ જતાં અને પાણીયાથી અમરેલી આવતાં બાઇકમાંથી પડી જતાં પ્રૌઢાનું મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ કમોતના ૨૪ કલાકમાં વધુ બે બનાવો પોલીસ ચોપડે જાહેર થયેલ જેમાં સાવરકુંડલામાં વૃધ્ધનું ગળાફાંસો ખાતે તેમજ પાણીયાથી અમરેલી આવતાં બાઈકમાંથી પડી જતાં પ્રૌઢાનું મોત નિપજયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સાવરકુંડલા ભુવા રોડ ઉપર મગનભાઈ પુનાભાઈ ચૌહાણ ઉ.વ.૬૧ને છેલ્લા સાતેક વર્ષથી માનસિક બિમારી હોય જેની દવા શરૂ હોય અને પોતે જીંદગીથી કંટાળી જતાં પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું ચતુરભાઈ પુનાભાઈ ચૌહાણે સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં વિસાવદર તાલુકાના કાલવડ ગામે રહેતી ગીતાબેન અરવિંદભાઈ ગેગડા ઉ.વ.૪૭ તથા તેના પતિ સ્પ્લેન્ડર બાઈક લઈ કાલાવડથી બાબાપુર આવતાં હોય તે દરમિયાન અમરેલી તાલુકાના પાણીયા ગામથી અમરેલી તરફ આવતાં રસ્તામાં ખાડો આવવાથી બાઈકનું બેલેન્સ ગુમાવતાં ગીતાબેન બાઈક ઉપરથી નીચે પડી જતાં માથામાં ગંભીર ઈજા થતાં દવાખાને ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું અરવિંદભાઈ જીણાભાઈ ગેગડાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# બાબરા નજીક ફુલઝર તથા સુરતમાં પરિણીતાને સાસરીયાઓનો ત્રાસ

## સાસરીયાઓએ પતિને ચડામણી કરી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બાબરા તાલુકાના ફુલઝર ગામે રહેતી હાલ પિયર મોટી કુંકાવાવ જીજ્ઞાબેન ભરતભાઈ રાદડીયા ઉ.વ.૩૦ને પતિ ભરત વાલજીભાઈ, સસરા વાલજી ભગવાનભાઈ, સાસુ હંસાબેન વાલજીભાઈ, નણંદ હેતલબેન વાલજીભાઈ રાદડીયાએ અવાર નવાર મેણા ટોણા મારી શારિરીક અને માનસિક ત્રાસ આપી પતિને ચડામણી કરી પતિ ભરતે મુંઢ મારમારી માથામાં અને શરીરે મુંઢ ઈજાઓ કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના ચક્રાવા નજીક ટ્રેક્ટરે હડફેટે લેતાં યુવાનનું મોત

## નાની મોટી ગંભીર ઇજા કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

ખાંભા તાલુકાના ચક્રાવા નજીક સીમમાં કોઈ અજાણ્યા ટ્રેક્ટરના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી પોતાનું ટ્રેક્ટર ચલાવી વાસુરભાઈ કનુભાઈ ભમ્મર ઉ.વ.૨૮ને હડફેટે લઈ શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી તેમનું મોત નિપજાવી ટ્રેક્ટર લઈ નાસી ગયાની કનુભાઈ ભગવાનભાઈ કામળીયાએ ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં આ બનાવની તપાસ પીએસઆઈ આર.જી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

# અમરેલી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ થતી બે ફ્રુટના લારી ધારકો સામે ફરિયાદ

## પોલીસે બન્ને સામે ગુનો નોંધી કાર્યવાહી કરી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી માર્કેટયાર્ડ રોડ ઉપર અક્રમ સતારભાઈ સોલંકી તેમજ અમરેલી સિવીલ હોસ્પિટલ સામે ટાફિકને અડચણ રૂપ ફ્રુટની લારી રાખી ધંધો કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી જિલ્લામાં દેશીદારૂના બે દરોડા બે શખ્સો મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયા

## જિલ્લામાં એક વાહનચાલક સહિત ૮ નસેડીઓ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લાના રાજુલા પોલીસે રાજુલા આગરીયા નાકા તેમજ ચોત્રા ગામે દેશીદારૂની રેઈડ પાડી બે શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતાં. જયારે જિલ્લામાં એક વાહનચાલક સહિત ૮ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતાં પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી સિટી, ચલાલા, ધારી, ખાંભા, જાફરાબાદ, સાવરકુંડલા, લાઠી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સાવરકુંડલાના આંબરડીમાં મોબાઇલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે વિનુભાઈ રવજીભાઈ માલાણીની વાડીએ નવી આંબરડી જવાના રસ્તે સંજયભાઈ રમેશભાઈ બારૈયા રહે. મહુવા બંદર હાલ આંબરડી મોબાઈલ ચાર્જીંગમાં મુકી સુઈ ગયેલ તે દરમિયાન કોઈ વિવો કંપનીનો સીમ સાથેનો રૂા. ૧૪,૪૯૯ની કિંમતનો મોબાઈલ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીની શ્રી સરસ્વતી વિદ્યામંદિરના વિદ્યાર્થીએ રાજયકક્ષાએ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

## વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના ઉપક્રમે હળવદ ખાતે આયોજન થયેલું



અમરેલી,

શ્રી સરસ્વતી વિદ્યામંદિર (SSVM) - અમરેલીના વિદ્યાર્થી રાજ યોગેશભાઈ ભટ્ટે રાજયકક્ષાની શિકાવક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું. અખીલ ભારતીય સંસ્કૃતિ શિક્ષા સંસ્થાનના ઉપક્રમે -વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના ઉપલક્ષ્યમાં સંસ્કૃતિ બોધ યોજના દ્વારા સંસ્કૃતિ મહોત્સવ હળવદ (સુ.નગર) મુકામે યોજાયેલ. જેમાં સમગ્ર રાજયમાં શ્રી સરસ્વતી વિદ્યામંદિર- અમરેલીના વિદ્યાર્થી રાજ યોગેશભાઈ ભટ્ટ શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળા અને સોમનાથ વિભાગનું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થી આગામી દિવસોમાં મધ્યપ્રદેશ રાજયના ઉજ્જૈન સ્થાને રાષ્ટ્ર કક્ષાના સંસ્કૃતિ મહોત્સવમાં તા. ૧૭-૧૮-૧૯ નવેમ્બરે રાજ યોગેશભાઈ ભટ્ટ અખિલ ભારતીય શિઘ વક્તૃત્વ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

### અમરેલી સિટી પો. સ્ટેના કર્મચારીઓને બિરદાવતાં એસપી

# અમરેલીમાં પોલીસ કર્મચારીઓની કામગીરી બિરદાવી પ્રસંશાપત્ર એનાયત કરતાં એસપી

## નાસતા ફરતા આરોપીઓને પકડી વાહનચોરીના ગુનોઓ ડિટેક્ટ કરવામાં પોલીસની પ્રસંશા



અમરેલી, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને બિરદાવતા જિલ્લા પોલીસ અધિક્ષક અમરેલી એસ.પી. હિમકરસિંહ દ્વારા પોલીસ કર્મચારીઓ ને વિશેષ કામગીરી કરવા બદલ પ્રશંસાપત્ર એનાયત કરાયું. નાસ્તા ફરતા આરોપીઓ પકડી પાડી તેમજ વાહન ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરી આરોપી પકડી પાડી સારી કામગીરી કરવા બદલ મ્હે. પોલીસ અધિક્ષક હિમકરસિંહ અમરેલીનાઓ દ્વારા (૧) રમેશભાઈ માલકિયા (ASI) (૨) ચિંતન ભાઈ મારૂ (કોન્સ્ટેબલ) (૩) વનરાજભાઈ માંજરિયા (કોન્સ્ટેબલ) પ્રશંસાપત્ર આપી કામગીરી બિરદાવવામાં તેમજ ભવિષ્યમાં પણ આવી વિશેષ ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે શુભેચ્છાઓ આપી ઉત્સાહ વધારવામાં આવ્યો.

# ધરાઇમાં માળા પહેરામણી અને મહાદાન મનોરથ યોજાશે

## ધરાઇ બાલમુકુંદજીની હવેલી ખાતે ૨૯મીએ મહાપ્રસાદ સહિત અનેક કાર્યક્રમ



અમરેલી,

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીમાં અતિભવ્ય માળાપહેરામણી તથા મહાદાન મનોરથ નું આયોજન તા.૨૯/૦૯/૨૪ રવિવારના કરવામાં આવ્યું છે. આ તકે હવેલીમાં ઠાકોરજીના આ રૂડા મનોરથ તથા દર્શનનો લાવ્હો લેવા શ્રી બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ તથા મુખ્યાજી પરિવાર તથા કુલદીપભાઈ મુખ્યાજી અને ધ્રુમિલભાઈ મુખ્યાજી વતી સૌ વૈષ્ણવ ભક્તો ને મહાપ્રસાદ લેવા માટે હાર્દિક નિમંત્રણ છે.

# બગસરા પંથકમાં સેવાકીય પ્રવૃત્તિ કરતા તરવૈયાનું સન્માન કરાયું



બગસરા, (સમીર વિરાણી) બગસરા માં દર વર્ષે ગણપતિ ઉત્સવમાં ગણપતિની મૂર્તિ વિસર્જન કરવામાં સેવાકીય પ્રવૃત્તિ કરતા વર્ષોથી ત્રણ તરવૈયા નું સન્માન કરાયું વિગત અનુસાર બગસરા દરવર્ષે ગણપતિ વિસર્જનમાં તમામ મૂર્તિ વિસર્જન કરી સેવાકીય પ્રવૃત્તિ કરે છે તેનું સન્માન કરાયું જેમાં અશોકભાઈ અમરશીભાઈ મકવાણા તથા નરેશભાઈ જાદવ ત્રણેય તરવૈયાનું સન્માન બગસરા નગરપાલિકા પ્રમુખ પતિ એવી રીબડીયા તથા પીઆઈ એસઓજી આર.ડી ચૌધરી સાહેબ તથા પીઆઈ અમરેલી સોની સાહેબ. પત્રકાર સમીરભાઈ વિરાણી તથા ભીખુભાઈ સોલંકી કાનજીભાઈ પરમાર તેમજ મહેશભાઈ માંડલિયા દ્વારા સન્માન પત્ર આપી સન્માનિત કર્યા હતા.

# લીલીયા માર્કેટ યાર્ડનો પ્રથમ નોરતે પ્રારંભ થશે

અમરેલી,

લીલીયા તાલુકાના ખેડૂતો માટે જણાવાયું છે કે તા.૩-૧૦-૨૪ ગુરૂવારે પ્રથમ નોરતે ભાભા માર્કેટ યાર્ડ લીલીયા શરૂ થશે અને કપાસની ગાંસડીની જાહેર હરરાજીની કામગીરી શરૂ કરશે તેથી ખેડૂતોએ પોતાના કપાસની વકલ પ્રમાણે ગાસડી કરીને લાવવા માર્કેટયાર્ડના સુત્રોએ જણાવ્યું છે.

સાવરકુંડલા માર્કેટ યાર્ડ

સાવરકુંડલા માર્કેટ યાર્ડ તા. ૨૪થી ૨૮ સુધી વરસાદની આગાહી હોય તેથી દરેક ખેડૂતો પોતાનો માલ તાલપત્રી કે પ્લાસ્ટિક ઢાકીને લાવવા માર્કેટ યાર્ડ દ્વારા જણાવાયું છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૭૨ થી ૧૫૮૫ મગફળી ૭૩૩ થી ૧૧૩૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૪૨-૧૧૩૫
શિંગમોટી-૭૩૩-૧૧૩૦
શીંગફાડા-૧૦૨૫-૧૩૪૩
તલસફેદ-૧૯૦૦-૨૬૭૬
તલકાળા-૩૦૫૫-૩૮૬૫
બાજરો-૪૦૦-૫૦૯
ઘઉંટુકડા-૫૦૦-૬૦૭
ઘઉંલોકવન-૩૫૦-૬૧૬
રાયડો-૧૦૫૫-૧૦૯૨
ચણા-૧૨૮૦-૧૪૭૧
કપાસ-૯૭૨-૧૫૮૫
જુવાર-૪૫૫-૮૦૨
ધાણા-૧૦૯૫-૧૧૭૫
રજકાનુંબી-૨૯૦૦-૪૬૦૦
સોયાબીન-૮૫૭-૯૦૦
અડદ-૧૨૯૦-૧૬૦૦
મગ-૧૧૧૦-૧૬૬૫
જીરૂ-૨૫૭૫-૪૨૩૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૫૦-૫૨૦
રીંગણા-૫૦૦-૬૦૦
ફ્લાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૩૩૦-૪૦૦
ટમેટાં-૧૦૦૦-૧૨૦૦
ફોદીનો-૯૦૦-૧૦૦૦
ગાજર-૫૦૦-૬૦૦
ગલકા-૪૦૦-૪૫૦
કાકડી-૪૦૦-૫૫૦
ગુવાર-૧૦૦૦-૧૪૦૦
દુધી-૨૦૦-૨૪૦
તુરીયા-૩૨૦-૪૦૦
ભીડો-૨૨૦-૩૩૦
આદુ-૮૨૦-૯૦૦
કોથમીર-૧૪૦૦-૨૨૦૦
મેથીભાજી-૧૮૦૦-૨૦૦૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦
મરચાલીલા-૪૦૦-૮૦૦
મુળા-૪૦૦-૫૫૦
લીંબુ-૧૬૩૦-૧૮૨૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૪૧-૫૩૪
ચણા
ઘઉં-૫૦૦-૬૩૦
જુવાર-૫૩૦-૮૪૨
કપાસ-૧૦૫૦-૧૫૨૫
તલસફેદ-૨૨૫૦-૨૭૦૦
જીરૂ-
અજમા-૨૧૦૦-૨૧૦૦
સોયાબીન-૮૧૦-૮૧૦
શીંગદાણા-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૦-૬૪૯
ડુંગળીલાલ-૧૨૮-૯૫૧
ચણા-૧૧૬૬-૧૪૩૬
તલસફેદ-૨૦૦૦-૨૫૧૬
અડદ-૧૨૦૦-૧૫૩૦
મકાઈ-૫૨૨-૫૨૨
શીંગ-૧૫૦૦-૧૭૬૧
ડુંગળીસફેદ-૧૫૦-૬૭૩
નાળીયેર-૨૭૦-૨૭૦૦
બાજરી-૪૫૨-૪૯૪
જુવાર-૪૦૦-૮૨૦
મગ-૯૯૦-૧૮૭૦

**બાબરા**
કપાસ-૧૩૪૦-૧૬૨૧
ઘઉં-૪૪૫-૫૭૬
મગ-
જીરૂ-
અડદ-૧૨૯૦-૧૬૨૫
તલસફેદ-૧૯૨૦-૨૪૦૦

મગફળી-

**ધારી**
કપાસ-
બાજરો-
મગફળી-
અડદ-
ચણા-
ઘઉં-
ધાણા
તુવેર-
શીંગફાડા-
સોયાબીન-
મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૬૦૦-૧૧૬૫
શીંગજીણી-૬૫૦-૯૦૦
જીરૂ-૪૩૦૦-૪૭૦૦
તલસફેદ-૨૦૫૦-૨૬૦૭
કપાસ-૧૩૦૦-૧૬૧૦
ઘઉંલોકવન-૪૯૦-૫૮૧
જુવાર-૪૫૦-૭૦૦
ઘઉંટુકડા-૫૧૧-૫૯૮
ચણા-૧૩૫૨-૧૪૪૨
ધાણા-૯૭૧-૧૦૨૦
તુવેર-૧૨૪૦
બાજરો-૪૪૨-૪૮૦
એરડી-૧૧૫૧

**ખાંભા**
કપાસ-૧૧૭૦-૧૪૮૧
મગફળી-૮૦૦-૮૦૦
તલસફેદ-૨૩૫૧-૨૩૫૧
બાજરો-૩૪૧-૩૪૧
જુવારસફેદ-૬૦૦-૬૦૦
ઘઉં-૪૫૪-૫૧૧
સોયાબીન-

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૫૨૩
અડદ-૧૧૭૦-૧૧૭૦
મગફળી-૬૦૦-૯૬૦
ધાણા-૧૧૩૫-૧૨૨૫
તલસફેદ-૨૨૨૫-૨૪૩૩
બાજરો-૪૦૧-૪૦૧
શીંગદાણા-૧૦૫૦-૧૦૫૦
મેથી-૧૦૦૦-૧૦૪૨
ચણા-૧૩૦૫-૧૩૮૫
સોયાબીન-૮૬૩-૮૬૫
ઘઉં-૫૦૫-૫૩૭
તુવેર-૧૦૫૦-૧૦૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૭૦૦-૧૦૦૦
દાડમ-૧૦૦૦-૨૮૦૦
મુસંબી-૩૭૦-૭૦૦
સંતરા-૨૪૦૦-૩૫૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૩૪૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
જામફળ-૧૦૦૦-૧૫૦૦
કેળા-૪૦૦-૫૪૦
પોપૈયા-૬૦૦-૯૦૦
તડબુચ-૨૦૦-૩૨૦
સફરજન હિમાચલ-૧૨૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૨.૨
ન્યુનતમ તાપમાન ૨૫.૩
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૪.૮

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## અનુકંપા ટ્રસ્ટ અમરેલી દ્વારા શિક્ષકો, આચાર્યો શિક્ષણ સંસ્થાના સંચાલકોને માર્ગદર્શન આપવા

# અમરેલીમાં રવિવારે શિક્ષણમંત્રી ડો. કુબેર ડિંડોરનો સંવાદ

### રાજયના શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોર તા. ૨૯ના રોજ અમરેલી ઓકસફર્ડ સ્કુલ ખાતે જિલ્લા કક્ષાએ સંવાદ કરશે : શિક્ષકો સાથે સંવાદ બેઠકની તૈયારી

### અમરેલી જિલ્લાના શિક્ષકો, આચાર્યો અને શિક્ષણ સંસ્થાના સંચાલકો સાથે સંવાદ સાથે ડો. કુબેરભાઇ ડિંડોરનું માર્ગદર્શન : કાર્યક્રમ અંગે ભારે ઉત્સાહ છવાયો



અમરેલી,અનુકંપા ટ્રસ્ટ અમરેલી દ્વારા સંવેદનશીલ શિક્ષણમંત્રીનો શિક્ષકો સાથે રવિવારે અમરેલીમાં સંવાદ બેઠક મળનાર છે. અમરેલી અનુકંપા ટ્રસ્ટ દ્વારા રાજયના શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોર તા. ૨૯ના રોજ બપોરે ૨-૩૦ કલાકે ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સ ખાતે આવી રહ્યા છે. જેમાં અમરેલી જિલ્લાના શિક્ષકો, આચાર્યો અને શિક્ષણ સંસ્થાના સંચાલકો સાથે તેમની એક સંવાદ બેઠક યોજાનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા મયુરભાઈ ગજેરા, મુકુંદભાઈ મહેતા, ડો. ભરત કાનાબાર(અનુકંપા ટ્રસ્ટ), દિપક વઘાસીયા, તુલસી મકવાણાએ જણાવ્યું છે.

## સીઆરસી ભવન લાઠી દ્વારા પ્રેરિત

# લાઠી તાલુકા કક્ષાના કલા ઉત્સવનો પ્રારંભ

### તા.૨૪ના રોજ લાઠી ખાતે સ્પર્ધાનું આયોજન કરાયું




અમરેલી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી માર્ગદર્શિત બી.આર.સી. ભવન લાઠી પ્રેરિત તાલુકા કક્ષાનો કલા ઉત્સવ તારીખ - ૨૪/૦૯/૨૦૨૪ના રોજ તાલુકા શાળા લાઠી ખાતે યોજવામા આવ્યો.તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જોશી સાહેબ તેમજ તાલીમ ભવન અમરેલી ભરતભાઈ ડેર અને બી.આર.સી શ્રી પિયુષભાઈ વિરડિયાના માર્ગદર્શન હેઠળ ખુબ ઉત્સાહ અને આનંદ સાથે કરવામા આવી.લાઠી તાલુકાના ૬ ક્લસ્ટરના બાળ કલાકારો ઉમળકાભેર જોડાયા હતા. ચિત્ર,બાળકવી,સંગીત ગાયન,સંગીત વાદન જેવી સ્પર્ધાઓમા ભાગ લઈ પોતાની ઉત્તમ કળાને ખિલવવાનો વિનમ્ર પ્રયાસ કર્યો હતો સાથે તાલુકા શાળાના આચાર્યશ્રી જાની સાહેબ તેમજ નિર્ણાયકો અને તમામ ક્લસ્ટરના ભઈભ મિત્રોના સહિયારા પ્રયાસથી કાર્યક્રમને સફળ બનાવવામા મદદરૂપ બન્યા હતા.કાર્યક્રમના અંતે દરેક બાળકલાકારોને અને પ્રમાણપત્ર એનાયત કરવામા આવ્યુ.

## દેવકા વિદ્યાપીઠ દ્વારા

# પોરબંદરમાં જ્ઞાન અને પ્રદર્શન કળા કાર્યક્રમ યોજાયો

### સ્પર્ધામાં નિલેશભાઇ આચાર્યના હસ્તે ઉદ્‌ઘાટન : ૩૦મીએ સ્પર્ધાની પુર્ણાહુતિ



રાજુલા,(કનુભાઈ વરૂ)

પોરબંદરના શ્રી વ્રજ ભગીરથી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દેવકા વિદ્યાપીઠ આયોજિત જ્ઞાન અને પ્રદર્શન કળા નો કાર્યક્રમ નું ભવ્ય કાર્યક્રમનું આયોજન શ્રી વ્રજ ભગીરથી સંચાલિત દેવકા વિદ્યાપીઠ આયોજિત જ્ઞાન કળશ પ્રદર્શન તારીખ ૩૦ ૯ થી ૧ ૧૦ સુધી ભવ્ય આયોજન કરવામાં આવેલ જેનું ઉદ્ઘાટન તારીખ ૩૦ ૯ ના સવારે ૧૦: નિલેશભાઈ સાપાન એરી આચાર્ય અમરેલી ના હસ્તે રાખેલ છે જેમાં વિજ્ઞાનના વિવિધ પ્રોજેક્ટ તથા ગણિતના જ્ઞાન સાથે ગમ્મત કરવા તા પ્રોજેક્ટ તથા તથા અંધશ્રદ્ધા નિવારના પ્રયોગો તથા ભાષા અંગ્રેજી અને ગુજરાતી ના ગ્રામીણ ના વિવિધ પ્રોજેક્ટ જેવા કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં છે જેમાં અનેક આ કાર્યક્રમ યોજવામાં આવશે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત સંસ્થાના સ્થાપક પરમ પૂજ્ય ભાઈજી શ્રી રમેશભાઈ ઓઝાના માત્ર વતન દેવકા વિદ્યાપીઠમાં પૂજ્ય ભાઈશ્રીના પ્રયાસથી સૌરાષ્ટ્રમાં સૌથી મોટું જ્ઞાન કમળ પ્રદર્શનનું આયોજન જેમાં ખાસ પ્રદર્શન પ્રસાર ગણિત વિજ્ઞાન ભાષા કલા ઉપરાંત માર્ગદર્શન આપવામાં આવશે દેવકા આમ દેવકા વિદ્યાપીઠ એટલે સમગ્ર આધુનિક બિલ્ડીંગ ધરાવતી તેમજ આ વિસ્તારના આર્થિક નબળા લોકોને આશીર્વાદરૂપ છે અહીં ઘર બેઠા આજ વિસ્તારના લોકોને અહીંથી જ ઘેર બેઠા ધોરણ પાંચ થી કોલેજ સુધીનું અભ્યાસ પ્રાપ્ત થાય છે તેમજ આઈ.ટી.આઈ ટેકનિકલ ડિપાર્ટમેન્ટ તથા સરકાર દ્વારા અન્ય ટ્રેનિંગ કોર્સ તેમજ રહેવા માટેના છાત્રાલય સહિતની સુવિધા દેવકા વિદ્યાપીઠમાં પ્રાપ્ત અહીંથી અભ્યાસ કરી અને અમુક વિદ્યાર્થીઓ ડોક્ટરો થયા ઈજનેરો અને સરકારી નોકરીએ પણ મળી છે થયા સરકારી અધિકારી માં પણ પસંદગી પામ્યા છે અને ૨૦૧૨માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હશે દેવકા વિદ્યાપીઠ નું ઉદઘાટન થયું હતું ત્યારથી આજ દિન સુધી સંસ્થાનું મુખ્ય વહીવટ પીઠ સેવા આપનાર ડીએસ ગોયાણી સતત માર્ગદર્શન આપી રહ્યા તેમજ આ દેવકા વિદ્યાપીઠ આધુનિક બ્લેકબોર્ડ આધુનિક સિસ્ટમ શિક્ષણ આપવામાં આવે તેમજ દેવકા વિદ્યાપીઠ સ્થાપના કરવામાં આવી છે એવા બિલ્ડીંગો શૈક્ષણિક સ્ટાફ આખા અમરેલી જોવામાં મળશે નહીં અહીંના વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે પણ નામના મેળવી રહ્યા છે માદરે વતન પૂજ્ય ભાઈશ્રી આજ ગામના વતની દેવકાના હોવાથી અહીં રહેલા હોવાથી ભૌગોલિક પરિસ્થિતિ આ શિક્ષણ આ વિસ્તારના લોકો ખ્યાલ છે કે આહીર સમાજ કે ક્ષત્રિય સમાજ ની વિદ્યાર્થીનીઓ માન મોભાદાર હોય છે જેથી દૂરના સેન્ટરો કે અકેલી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા ઓછા જવા દેશે પરંતુ આવી સુવિધા દેવકા વિદ્યાપીઠ થતા આ વિસ્તારમાં હોવાથી સ્થાનિક નબળા લોકોને પણ અહીં અભ્યાસનો લાભ મળે અહીં હાઈસ્કુલ કોલેજ ટેકનિકલ શાખા ૧૦૧૨ નું કેન્દ્ર કોલેજ ટેકનીકલ વિભાગ અને છાત્રાલય તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી આ વિસ્તાર માટે ગૌરવ સમાન છે ત્યારે તાજેતરમાં પૂજ્ય ભાઈશ્રી પ્રેરણાથી શ્રી વ્રજ ભાગીરથી ચેરીટેબલ ટ્રસ્ટ અને દેવકા વિદ્યાપીઠ દ્વારા જ્ઞાન કળશ પ્રદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો છે અમરેલી જિલ્લામાં પ્રથમ ભવ્ય કાર્યક્રમ ભવ્ય આયોજન થયું આ કાર્યક્રમની માર તૈયારી દેવકા વિદ્યાપીઠ ના વ્યવસ્થાપક મેનેજિંગ ટ્રસ્ટી ડીએસ ગોયાણી માર્ગદર્શન તળે પીઠ નીડર અને અનુભવી ઉત્સાહી પ્રિન્સિપાલમાં શ્રી શ્રી નીતાબેન નાયક શ્રી હરેશભાઈ જેઠવા શ્રી વેલાણી શ્રી રામ ભાઈ અને દેવકા વિદ્યાપીઠ નો સ્ટાફ પરિવારતડા માર તૈયારી કરી રહ્યો તો આ પ્રદર્શન નિહાળવું એ પણ લાવો છે તો વધુમાં શિક્ષણ એક સંસ્થાઓ લાભ લેવો જોઈએ આ સંસ્થામાં પરમ પૂજ્ય ભાઈશ્રી દ્વારા ૧૧ સભ્યોની દેવકા વિદ્યાપીઠની વિદ્યાર્થીઓની દેખરેખ માટે હાર્દિક નબળા હોય તો શું કરવું સ્થાનિક હોય તો શું કરવું? છાત્રાલયની દેખરેખ વિદ્યાર્થીનું રિઝલ્ટ છાત્રાલયમાં જમવાનું ટેસ્ટી શ્રદ્ધામાં સાંસ્કૃતિક કાર્યક્રમ તમામનું દેખરેખની ૧૧ ની કમિટીની રચના કરવામાં આવી છે જેમાં ડીવાયએસપી ઓડિટર સેવાભાવી વિદ્યાર્થીઓને જાણકારી વિદ્યાર્થી પ્રત્યે લાગણી બહારના વિદ્યાર્થીઓની મુશ્કેલી એ તમામ દેખરેખ માટે ખાસ કમિટી રાખવામાં આવી છે તેમજ પરમ પૂજ્ય ભાઈશ્રીના ભાઈ એવા શ્રી ગૌતમભાઈ ઓઝા પણ અહીં મુલાકાત લેશે આ સસ્તા કરોડો રૂપિયાના ખર્ચે થઈ છે જેનો ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે થયું હતું આ સંસ્થાની શાળાના આ કાર્યક્રમ જ્ઞાન કમળ પ્રદર્શન માણવું શિક્ષકો અને શિક્ષણકારો શિક્ષણપ્રેમીએ આ કાર્યક્રમનો શ્રી શાળાના આચાર્ય બેલાબેન નાયક હું જાહેર આમંત્રણ છે.

# અમરેલી ગજેરા કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું

### એક લાખ વૃક્ષોનો સંકલ્પ કરતાં શ્રી વસંતભાઇ ગજેરા



અમરેલી,અમરેલી તારીખ ૧૭-૦૯-૨૦૨૪, પોતાના નિર્ણાયક નેતૃત્વ અને દૂરદર્શિતાથી ભારતને વિશ્વ પટલ પર વિકાસ અને પ્રગતિનો પર્યાય બનાવનાર દેશના સર્વપ્રિય નેતા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ, જિલ્લા સ્પોર્ટ સ્કૂલ અને જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ અને ફોરેસ્ટના અધિકારીશ્રીઓ દ્વારા કેમ્પસમાં સેવા,સ્વચ્છતા અને પર્યાવરણ રક્ષણ સાથે વૃક્ષારોપણ કરી જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ફોરેસ્ટ અધિકારીશ્રી CF સેંથીલન કુમારન (કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ રાજકોટ સર્કલ), A.C.F (અમરેલી) શેખસર, R.F.O (અમરેલી) જ્યોતિબેન તેમજ તમામ વન વિભાગ અધિકારીશ્રીઓ, તેમજ મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટરશ્રી વસંતભાઈ પેથાણી અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરાએ પર્યાવરણ જતન અંગેના સંદેશ સાથે સર્વપ્રિય નેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી.

# સૌરાષ્ટ્ર યુનિ. કર્મચારી કો. ઓ. સોસાયટીની વાર્ષિક સભા મળશે

### વાર્ષિક સાધારણ સભામાં પ્રગતિ પ્રવૃતિનો અહેવાલ અપાશે



રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોાયટીની બાવનમી વાર્ષિક સાધારણ સભા સોસાયટીના પ્રમુખ પ્રો. જયદિપસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને તા. ૨૯/૦૪/૨૦૨૪ને રવિવારના રોજ સવારે દશ વાગ્યે રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં તાજેતરમાંજ સુવર્ણ જયંતિ વર્ષ ખૂબજ ઉમંગપૂર્વક ઉજવનાર સૌરાષ્ટ યુનિવર્સીટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને રાજકોટ મહાનગર પાલિકાની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો મળેલ છે. આ સોસાયટીની આગામી રવિવારે સવારે દશ વાગ્યે યોજાનાર બાવનમી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના ઉપપ્રમુખ અને જાણીતાં ઉદ્યોગપતિ સજી મેથ્યુ, માનદ મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી અને બિલ્ડર શ્રી રમેશ સભાયા, ડો. અનામિક શાહ, ડો. દર્શન ભટ્ટ, ડી. પી. ત્રિવેદી, શ્રીમતિ તૃપ્તિબેન અમરેલિયા, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, કૈલેશકુમાર તન્ના, જીતેશકુમાર પંડિત, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કગથરા સહિત વરિષ્ઠ સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

## ૨૫ સપ્ટેમ્બર વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે નિમિત્તે

# અમરેલી જિ. પંચાયત ફાર્માસિસ્ટ એસો. દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

### સર્વેલન્સ અધિકારી ડો. સિંઘ અને મેડિકલ સ્ટાફની ઉપસ્થિતિ



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) ફાર્માસિસ્ટ મિત્રો દ્વારા રક્તદાન કરી અને આજના દિવસને ઉજવવામાં આવ્યો,ફાર્માસિસ્ટ મિત્રો દ્વારા દરેક દર્દીને ઉચ્ચ ગુણવત્તા વાળી દવાઓ રિયલ ટાઇમ , રીયલ પર્સન અને રીયલ મેડિસિન રહે તે માટે સંકલ્પ કરવામાં આવ્યો. અમરેલી જિલ્લા સર્વેલન્સ ઓફિસર શ્રી ડો.સિંઘની હાજરીમાં આ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું. જીએમએસસીએલ વેરહાઉસ અમરેલીના મેનેજર શ્રી મનીષભાઈ કુબાવત તથા સ્ટાફ,અર્બન હેલ્થ સેન્ટર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ફાર્માસિસ્ટ ભાઈઓ બહેનોએ હાજરી આપેલ. ગુજરાત સ્ટેટ ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રતિનિધિશ્રી અમિતભાઈ ટાંક રહેલ. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.જોશી, જિલ્લા આરસીએચઓ શ્રી ડો.સાલવી તથા જિલ્લા કવોલીટી મેડિકલ ઓફિસર શ્રી ડો.ઝાટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ.આ કેમ્પ ને સફળ બનાવવામાં અમરેલી પંચાયત ફાર્માસીસ્ટ એસોસિએશન નાં પ્રમુખશ્રી મનીષભાઈ ડોડીયા ઉપપ્રમુખ શ્રી પ્રતિક સેજપાલ અને કારોબારી સભ્યો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# લાઠીનાં ચકચારી ખુન કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો કરાવતા ધારાશાસ્ત્રી જે.આર.વાળા

### અમરેલી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો ચુકાદો



અમરેલી,

લાઠી પોલીસ સ્ટેશનનાં ગુના રજીસ્ટર નં.૩૦૨૬૨/૨૩ થી આઇપીસી કલમ ૩૦૨, ૩૨૩, ૩૨૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ થયેલ. જેમાં આરોપી તરીકે ગેંદાલાલ જોહરૂભાઇ મહેડા તથા ગીંદરીયા જોહરૂભાઇ મહેડા તથા નાનકીયા ઉર્ફે નાનકો ગેંદાલાલ મહેડા ઉપર ૩૦૨નાં ગુન્હામાં આરોપી તરીકે અટક કરવામાં આવ્યાં હતાં. આ કામે ફરિયાદી તથા પંચો, અટક પંચો, સાહેદો તથા સરકારી સાહેદો, એફએસએલ અધિકારી તથા પીએમ કરનાર ડોક્ટર, તપાસ કરનારને ગંભીરતા પુર્વક તપાસતા તથા બચાઉ પક્ષો ધારદાર દલીલો કરી તેમજ રજુઆતો કરી આરોપીઓનો નિર્દોષ જાહેર કરતો હુકમ કોર્ટે કર્યો હતો. બચાવ પક્ષો વિદવાન ધારાશાસ્ત્રી જે.આર.વાળા, એચ.આર.મેવાડા, એન.પી.વસાણી રોકાયા હતાં.

# લીલીયામાં ફાર્માસીસ્ટ અમિતભાઇ ટાંક દ્વારા ગરીબ દર્દીઓને ફ્રુટ બિસ્કીટ વિતરણ

### દર્દીઓને આરોગ્ય શિક્ષણ, દવાઓનું જરૂરી માર્ગદર્શન અપાયું




લીલીયા, (અશોકવિરાણી)

લીલીયા સીએચસીમાં વર્લ્ડ ફાર્માસીસ્ટ ડે નિમિતે તા.૨૫-૯ બુધવારનાં ફાર્માસીસ્ટ અમિતભાઇ ટાંક દ્વારા ગરીબ દર્દીઓને બિસ્કીટ અને ફ્રુટ વિતરણ કરીને દર્દીઓને આરોગ્ય શિક્ષણ તેમજ દવાઓનું જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ. કોરોનાં કાળમાં અમિતભાઇ ટાંક દ્વારા લીલીયામાં યોગ્ય દવાઓ, ઓકસીઝન, ઇન્જેકશન, બોટલો, ટાઇમ ટુ ટાઇમ પુરી પાડવામાં આવી હતી.

## પોષણ માસની ઉજવણી નિમિતે

# બાબરા ઘટકમાં પ્રભાત ફેરી : સાયકલ રેલી યોજાઇ

### કિશોરીઓ, ગર્ભવતી, મહિલાઓ, ધાત્રી માતાઓ, નાના બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો



અમરેલી,

પોષણ માહ ની ઉજવણીના ભાગરૂપે બાબરા ઘટકના મોટાદેવળીયા સેજાના મોટા દેવળીયા ગામે પ્રભાતફેરી અને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કિશોરીઓ, ગર્ભવતી મહિલાઓ, ધાત્રી માતાઓ અને નાનાં બાળકો દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. આ સાથે પોષણ જાગૃતિ માટે વિશેષ રૂપે સીડીપીઓશ્રી સૂપરવાઇઝર, શશર સ્ટાફ, PSE ના સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પોષણની મહત્તા, માતાની અને બાળકની તંદુરસ્તી તેમજ સંતુલિત આહાર અંગે જાગૃતિ લાવવવાના પ્રયાસ રૂપે હતો આ પોષણમાહ અંતર્ગત યોજાયેલા આ પ્રોગ્રામ દ્વારા સમુદાયમાં પોષણ જાગૃતિ અને સકારાત્મક આરોગ્યલક્ષી બદલાવ લાવવાનો ઉદ્દેશ્ય પૂર્ણ થયો.


મસાજો ના શોખીનો માટે ધમાકા ઓફર
અમરેલીમાં પ્રથમવાર જ (હોટ ઓઇલ) મસાજ થેરાપી
BEST COMBO OFFER
અમારા રેગ્યુલર કલાઇન્ટ માટે સ્પેશ્યલ ઓફર
એક મસાજ સાથે એક મસાજ ફ્રી
માત્ર રૂા.૧૬૯૯/- માં (૨) મસાજ ૬૦ મીનીટ
લેડીઝ તથા જેન્ટસ બંને માટે મસાજની અલગ અલગ વ્યવસ્થા
આ ઓફર માત્ર થોડા સમય માટે જ
Heaven BODY SPA
Address : Keriya Road Bypass
Ayodhya Apartment 2flor corner
Appointment Now : 70469 83483


POLO PLUS
પોલો પ્લસ
CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150
200 - 300
લીટર માં
ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000
લીટર ની વિશાળ
રેન્જ માં
ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14
વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬


Sheetal
સ્ટાફ જોઈએ છે.
અમરેલીની નામાંકિત કંપની
શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે
અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ
કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે.
રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુંમ
નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601


ફોર વ્હીલ સનેડા તથા
થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.
મારો વિશ્વાસ મારી તાકાત
શ્રી ચામુંડા સનેડો ટ્રેકટર
સરકાર માન્ય
સબસીડી
મળવાપાત્ર
CHAMUNDA ENGINEERING
શ્રી ચામુંડા એન્જીનીયરીંગ
મનિષભાઈ પંડયા
91158 21111
97373 23402
અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિતલ, તા.જી. અમરેલી.
www.shreechamundaengineering.in


NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
ડો. હિરલ હાલાણી શેઠ
MD, DM (Gold Medalist), DrNB Neurology
વધુ માહીતી માટે સંપર્ક કરો
+91 95121 40042
હેલ્પલાઇન નંબર (02792) 233999
મગજ તથા જ્ઞાનતંતુઓ
ના રોગોના નિષ્ણાંત
રાજકોટના સર્વ પ્રથમ નસ
તથા સ્નાયુના રોગોના નિષ્ણાંત
હવે આપના
અમરેલી
શહેરમાં મળશે
મહિનાના ચોથા શુક્રવારે
તા: ૨૭/૦૯/૨૪
સવારે 10:00 થી 12:00
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી
હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી
(૯૯૭૮૯૬૬૬૨૯)
NCT


વિકસિત ભારત
વિકસિત ગુજરાત
ગરીબ કલ્યાણ મેળો
વિકાસની ગતિ સાથે ગરીબ કલ્યાણની નીતિ
સર્વાંગી વિકાસની થઈ રહી છે સૌને અનુભૂતિ
ગરીબ કલ્યાણ મેળાના
૧૪મા તબક્કાનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ
તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૦૯:૩૦ વાગે
માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે
સ્થળ : ડીસા એરપોર્ટ, તાલુકો : ડીસા, જિલ્લો : બનાસકાંઠા
સમગ્ર રાજ્યમાં મેળાના દિવસે કુલ ૧,૦૦,૭૩૪
લાભાર્થીઓને ₹૩૧૮ કરોડથી વધુની સહાયનો મળશે લાભ
વર્ષ ૨૦૦૯થી અત્યાર સુધીમાં
ગરીબ કલ્યાણ મેળાના ૧૩ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ
૧૩ તબક્કામાં ૧૬૦૦થી વધુ મેળામાં ૧.૬૬ કરોડથી વધુ લાભાર્થીઓને
₹૩૬,૮૦૦ કરોડથી વધુની સહાયનો મળ્યો લાભ
ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે પોર્ટલ ઉપર ૨૦ વિભાગની
૨૦૦થી વધુ યોજનાઓના ૧૨ લાખથી વધુ લાભાર્થીઓની
અને ₹૪૫૦૦ કરોડથી વધુની સહાય માટેની ઓનલાઈન એન્ટ્રીનું કાર્ય પૂર્ણ કરાયું
ઓનલાઈન ડેટા એન્ટ્રી તેમજ જાહેર કાર્યક્રમમાં સહાયનું વિતરણ થવાના કારણે
લાભાર્થીઓની પસંદગીમાં પારદર્શકતા
રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભાર્થીઓને એક જ સ્થળે લાભ અપાશે
વચેટિયાઓનું વર્ચસ્વ નાબૂદ કરી ગરીબોને પૂરેપૂરો લાભ આપવાનું આયોજન
ગ્રીમકો સંસ્થા દ્વારા ૭૫ હજારથી વધુ સહાય કિટનું જિલ્લાકક્ષાએ વિતરણ થશે
સ્વરોજગાર માટેની જુદી જુદી ટૂલકિટ/સાધનોની સહાય
છેવાડાના માનવીને આર્થિક રીતે પગભર કરવા માટે તેના જ ઘરઆંગણે સહાય
૩૩ જિલ્લા • ૨ મહાનગરપાલિકા • ૩૫ ગરીબ કલ્યાણ મેળા
જન-જનના કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર